# જૈન આદર્શ પ્રસંગો

## ભાગ - 6

પંન્યાસ ભદ્રેશ્વરવિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# "પ્રસંગો" પુસ્તક વિષે કેટલાક અભિપ્રાય

**પ.પૂ.આચાર્ય શ્રી રત્નસુંદરસૂરિ મ.:** "...નાનકડી પણ ભારે પ્રેરણાદાયી પુસ્તિકા...આ અનુમોદનીય પ્રયાસ અનેક આત્માઓને આરાધનામાં ટકી રહેવા માટે આલંબન રૂપ બને તેવો પણ છે..."

**મુનિ શ્રી જયપદ્મવિજયજી :** "અનંત કાળે મળેલ માનવ ભવમાં શ્રેષ્ઠ કમાણી કેવી રીતે થાય? આટલા અલ્પ આયુષ્યમાં અનંતા કર્મોનો નાશ કેવી રીતે કરવો? આવા ઘણા પ્રશ્નોના જવાબ સુંદર જૈન આદર્શ પ્રસંગોના ૩ ભાગ આપશ્રીએ મહેનત કરીને જૈનો તથા સર્વ સમક્ષ મૂક્યા તે વાંચવાથી જ મળી જાય છે. આપશ્રીનું કાર્ય ખૂબ પ્રશંસનીય છે...."

**મુનિ શ્રી યુગદર્શનવિજયજી :** "જૈન આદર્શ પ્રંસગો પુસ્તક ખૂબ વાંચવા જેવા છે. પહેલો પ્રંસગ વાંચ્યા પછી **પુસ્તક પુરૂં ન થાય ત્યાં સુધી મૂકવાનું મન થતું નથી.** સારા શ્રાવકોની અનુમોદના આ રીતે આ પુસ્તક વાંચનારા ઘણાં બધાં કરતાં હશે અને ઊત્તમ મનોરથો સેવતા થઈ ગયા હશે તે બધા જ પુણ્યાનુબંધી પૂણ્યના ભાગી આપશ્રી બન્યા છો. આ ચોપડી મેં જ્યારે જ્યારે વાંચી ત્યારે ત્યારે લગભગ તે પૂરી કરીને જ ઊભો થયો છું. આવો અનુભવ અનેક વાચકોને થયો હશે. વિશેષમાં પ્રત્યેક પ્રસંગે તમે જે વત્તી ઓછી પ્રેરણા કરો છો તે તો ખૂબ જ ઉત્તમ કાર્ય કર્યું છે. તેનાથી તો ઊંઘતો પણ જાગી જાય..."

**ભદ્રેશભાઈ, ભૂતપૂર્વ પ્રમુખ : પાંચકુવા કાપડ મહાજન :** " અત્યારે બેંગ્લોરમાં મારા મિત્રના ઘરેથી આ પત્ર લખું છું પ્રાતઃકાળે પક્ષીઓના મધુર કલરવથી વાતાવરણ આહ્લાદક બની ગયુ છે. ઊંઘ ન આવતાં મિત્ર પાસે વાંચવા પુસ્તક માગ્યું. **ખૂબ સુંદર પુસ્તક છે એમ કહી મિત્રે જૈન આદર્શ પ્રસંગો વાંચવા આપ્યું.** વાંચતા હૃદય પુલકિત બની ગયું. આપણા આત્માની ઊન્નતિ માટે આપણે કશું કરતાં નથી. પ્રંસગો વાંચી પ્રેરણા મળી, દિલમાં ભાવ જાગ્યા કે ધર્મ આરાધના માટે પણ આપણે સમય ફાળવવો ખૂબ જ જરૂરી છે."

— [illegible] પ્રોત્સાહક અન્ય અનેકોના પણ અભિપ્રાય આવ્યા છે.

તરફથી ભેટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमोनमः

પ્રેમ-રામચંદ્ર-ભુવનભાનુ -જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય શ્રેષ્ઠ શ્રાવકોના દૃષ્ટાંતો)

## ભાગ - ૬-૭

લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજય

સહાયક : મુનિ યોગી રત્નવિજય

: વિશેષ સૌજન્ય :

પાટણ મિત્ર મંડળ

મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ - મુંબઈ

**સસ્તુ સાહિત્ય અને ધર્મનો પ્રચાર**

**પૂજા, પ્રવચન, તપશ્ચર્યા, શિબિર, બર્થ ડે, યાત્રા, પર્યુષણા, સ્નાત્ર, પાઠશાળા, પ્રતિક્રમણ વગેરેમાં પ્રભાવના કરવા યોગ્ય પુસ્તક.**



મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) અમદાવાદ ફોન : ૫૬૨૫૩૨૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ભાગ - ૬ અને ૭

**કિંમત : ભાગ ૧ થી ૭ : રૂા.૨૭** ભાગ ૬ અને ૭ : રૂા.૫.૦૦

૧૦૦ નકલ લેનારને **૪૦% કન્સેશન** અને

૫૦૦ નકલ લેનારને **૫૦% કન્સેશન** મળશે.

**આવૃત્તિ:પાંચમી** તા.૧.૭.૨૦૦૪ **નકલ:૪૦૦૦** પૂર્વની:૨૦૦૦૦

| પ્રાપ્તિસ્થાન | મુંબઇ | ટે.નં.☎ |
| --- | --- | --- |
| ચેતનભાઇ : ગીતાંજલી (સાંઇબાબા) | બોરીવલી (વે) | ૨૮૦૫ ૯૧૧૭ |
| નીલેશભાઇ : ૮૭/૨, જવાહરનગર | ગોરેગામ (વે) | ૨૮૭૨ ૭૪૪૮ |
| ઉમેકો : ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ | નાગદેવી | ૨૩૪૩ ૮૭૫૮ |
| રોનકભાઇ : લાઇટ ટ્રેડર્સ, ૧૧૩ | લુહાર ચાલ | ૨૨૦૬ ૦૨૦૫ |

**પ્રાપ્તિસ્થાન** **અમદાવાદ**

રસિકલાલ રતિલાલ શાહ : એલ. કે. ટ્રસ્ટ બિલ્ડીંગ, બરોડા બેંક સામે, **પાંચકુવા** ૩૮૦૦૦૨. ફોન:૨૨૧૭૫૮૦૪, ૨૨૧૭૫૭૮૦

નિરંજનભાઇ : ૧૧, ભૂમિ એપાર્ટમેન્ટ, ૩૩, આનંદનગર, પંકજ દેરા પાસે, ભઠ્ઠા **પાલડી** - ૭. ફોન : ૨૬૬૩ ૮૧૨૭, ૨૬૬૪ ૫૮૨૩

**નીચેના સ્થળેથી ઓર્ડરથી ૨-૪ દિવસમાં પુસ્તકો મળશે.**

**ઓપેરા** જીતેન્દ્રભાઇ:૨૬૬૦૫૩૫૨, કિન્નરભાઇ:૨૬૬૩૦૧૬૭

**આંબાવાડી** રાજેશભાઇ : ૨૬૬૦૨૦૦૪

**મહાલક્ષ્મી** પરેશભાઇ : ૨૬૬૩૩૧૪૭

**પ્રકાશિત થયેલ અન્ય પુસ્તકો : લે. પં. ભદ્રેશ્વરવિજય**

જૈન ધર્મની સમજ : ભાગ ૧ થી ૩ : કિંમત : રૂા.૩

जैन आदर्श घटनाऐं (हिंदी में) : भाग ३ : मूल्य : रु.२

**પ્રસંગોના બધા ભાગની કુલ ૨,૩૦,૦૦૦ નકલ છપાઇ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## નૂતન વર્ષાભિનંદન

**નૂતન સંવત્સરના પ્રહરીશ્રી,..........................**

એક કુંપળને પર્ણ બનવાની મહેચ્છા છે; એક કળીને ફૂલ થવાની મનિષા છે; એક ફૂલને ફળમાં પરિણમવાની આકાંક્ષા છે; એક મંજરીને મહોરપણું પામવાનો મનોરથ છે; એક આંબા પર આવેલ મહોરને કેરી બનવાની તિતિક્ષા છે.

આ બધું થવાને માત્ર એક સૂર્યના કિરણનો સ્પર્શ થવો જરૂરી છે. અને ઉગતા સૂરજના તામ્રવર્ણ કિરણો જયારે ધીમેથી સ્પર્શે છે ત્યારે....

ડાળ ડાળ ખોળ્યા, પાન પાન કોળ્યા;
ફૂલ ફૂલ ફોર્યા, મ્હેંક મ્હેંક મહોર્યા.

આવી જ રીતે પ્રત્યેક જીવને શિવ થવું છે; પ્રત્યેક જનને જિન બનવું છે; પ્રત્યેક પુરૂષને પુરૂષોત્તમ થવું છે; પ્રત્યેક માનવને મહામાનવ બનવું છે; પ્રત્યેક આતમાને પરમાતમાપણું પામવું છે!

આજના સુવર્ણિમ પ્રભાતે આપણે જીવનને નવકારના માધ્યમે સમાધિમય બનાવીએ; ઉવસગ્ગહરંના સ્મરણે તનને ધર્મમાં જોડીએ; બૃહદ્-શાંતિના ઉદ્‌ઘોષે વિશ્વને **શાંતિ**નું પ્રદાન કરીએ તેવી મનોકામના. તમારા સૌનો જીવન-દીપક જ્ઞાનપ્રકાશમય બની રહે તેવી પ્રાર્થના!

**સમૂહ પ્રાર્થના :** આવો ! આ નૂતન વર્ષે પરમ કૃપાળુ પરમાતમા આપણા સર્વનો જીવનબાગ આચાર અને વિચારની પવિત્રતા દ્વારા ગુણોથી સુશોભિત, હૃદયથી સ્વચ્છ રાખે મનથી આત્મિક આનંદ, સુખ, શાંતિમય બનાવે એવી આપણે સહુ સાથે અંતરથી પ્રાર્થના કરીએ.

**મારો સંકલ્પ :** સદ્‌વાંચન, સત્સંગ અને હિતશ્રવણ રોજ ૧૫ મિનિટ કરીશ.....

સ્થળ : લી.

ના નૂતન વર્ષાભિનંદન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મારે કાંઈક કહેવું છે

**નૂતન વર્ષાભિનંદન સહિત** પ્રગટ થતા આ પુસ્તકમાં પ્રેરક શ્રેષ્ઠ પ્રસંગો વારંવાર મમળાવવાથી આત્માને પુષ્ટ કરશે. અનંતગુણી આતમાનો સહજ સ્વભાવ ગુણપ્રેમ છે. હળુકર્મી જીવોને બીજા ગુણીજનોને જોઇ, સાંભળી, આત્મિક આનંદ, પ્રસન્નતા, સ્ફૂર્તિ પ્રગટે છે ! તેથી જ **કાંઇક વિશિષ્ટ ધર્મ, ગુણો વગેરે આ પુસ્તકમાં વાંચી ઘણાં આ વારંવાર વાંચે છે. વત્તો-ઓછો ધર્મ જીવનમાં વધારે છે !** ન કરી શકનારને થોડું પણ હું કરતો નથી વગેરે વસવસો મનમાં રહ્યા કરે છે. એમ આ પુસ્તકો વાંચવાથી બધાંને થોડો-ઘણો લાભ થાય છે !

આત્માર્થીઓએ પારમાર્થિક લાભ મેળવવા આ ઊંચા ધર્માત્માઓને સાચા દિલથી પ્રણામ કરી, એમના પ્રત્યે આદર-બહુમાન ખૂબ વધારી આ બધી આરાધનાઓ પૈકી બધી કે ભાવના-ઉલ્લાસ પ્રમાણે વત્તી-ઓછી સાધના કાયમ કે પર્વે કે ૪-૮ માસે કરવા સંકલ્પ કરવો. **જે શકય હોય તેની નોંધ કરી તે ડાયરી રોજ કે અઠવાડિયે વાંચવી જેથી જીવન ધર્મમય બનશે.**

કલિકાળના વિષમ વાતાવરણમાં સર્વત્ર સ્વાર્થ અને પાપાચારો વધી રહ્યાં છે. ત્યારે આવા ધર્માત્માઓને ખૂબ ખૂબ ધન્યવાદ કે જે પોતાનું કલ્યાણ તો કરે છે. સાથે તેમના **સદાચાર જોઇ, સાંભળી અનેક ભવ્યોને આવી આરાધનાઓની વિશિષ્ટ પ્રેરણા મળે છે.** પ્રસંગોની આ પુસ્તિકા વિષે ઘણાં કહી ગયાં કે પ્રસંગો ખૂબ સુંદર, પ્રેરણાદાયી છે. માત્ર વાંચવાથી પણ ઘણાંને હર્ષ, શ્રધ્ધા, પ્રેરણા, હિંમત, ઉલ્લાસ, અનુમોદના વગેરે ઘણાં લાભ થાય છે. વાંચી **સેંકડો ભાવિકોએ બીજાઓના આત્મહિત માટે આની સેંકડોમાં પ્રભાવના કરી છે.**

સ્વ. ગુરૂદેવ પ.પૂ.આ.ભ.શ્રી વિજય **રામચંદ્ર સુરીશ્વરજી મ.સા.**, સ્વ. પ.પૂ.આ.ભ.શ્રી વિજય **ભુવનભાનુ સુરીશ્વરજી મ.સા.**, પ.પૂ.આ.ભ.શ્રી વિજય **જયઘોષસુરીશ્વરજી મ.સા.** આદિઅનેક પૂજ્યોના ઉપકારોનો હું ઋણી છું. પ્રકાશનમાં **પંન્યાસજી શ્રી ગુણસુંદરવિજયજી, વડોદરાના સુશ્રાવકો કિરીટભાઈ ધ્રુવ, અમરીશભાઈ શાહ** આદિ અનેકોના સહકારથી આ સત્કાર્ય શક્ય બન્યું છે.

આપણા જેવા ભવ્યોના આ સુકૃતોને ભક્તિભાવથી વાંચી, વિચારી, અનેકોને વંચાવી સંકલ્પ અને સત્વથી ધર્મ વધારી અનુમોદી સ્વ-પર આત્મહિત સાધો એ અંતરની શુભેચ્છા. આવા પ્રેરક પ્રસંગો મોકલશો. આમાં ભૂલ જણાવશો. જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઇ પણ લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

વડોદરા.

પન્યાસ ભદ્રેશ્વર વિજય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧. માંગલિકનો ચમત્કાર

**માંગલિક સાંભળવાથી એક ગરીબ શ્રાવક ખૂબ શ્રીમંત થઇ ગયો !** આ વર્તમાનનો સત્ય ચમત્કાર વાંચી તમે બધા શ્રદ્ધા અને આદરપૂર્વક નૂતન વર્ષે **માંગલિક શ્રી ગુરૂમુખે શ્રવણ કરી** આંત્મિક આનંદ, શાંતિ મેળવવા નિર્ણય કરશો. સોનગઢમાં આશ્રમમાં ચારિત્રવિજય મહારાજ હતા. દેવકરણ નામના એક નિર્ધન શ્રાવક તે મહાતમા તથા આશ્રમની દિલ દઈ સેવા કરતાં ! તેમની નિ:સ્વાર્થ સેવાથી ખૂશ થઇ તેમને સુખી બનાવવા મહાતમાએ એક દિવસ દેવકરણને બોલાવી કહ્યું, ''દેવકરણ ! કાલે વહેલી પરોઢે આવજે. **માંગલિક સંભળાવીશ !! તને ખૂબ લાભ થશે.''** એ તો રાજી રાજી થઇ ગયો.

પરોઢિયે કોઇ આવ્યું. ચારિત્રવિજય મહારાજે પૂછ્યું, ''કોણ?'' આવનારે કહ્યું, ''હું દેવકરણ.'' અંધારામાં ઓછું દેખાતું હોવાથી દેવકરણભાઈ ઓળખાતા ન હતા, પરંતુ મહારાજશ્રીએ કાલે કરેલી વાત પ્રમાણે એ જ છે એમ વિચારી માંગલિક સંભળાવ્યું. **પછી કહ્યું, ''તારો બેડો પાર થઈ જશે''** આવનારને આશ્ચર્ય થયું. આ દેવકરણ તો બીજો કોઈ અજાણ્યો હતો. અહીં આવવાનું થયું તેથી મહારાજશ્રીને ભક્તિભાવથી વંદન કરેલા ! પરંતુ અંધારામાં ન ઓળખવાથી સમજ-ફેરથી મહારાજશ્રી પાસે આના ભાગ્યોદયે માંગલિક સાંભળવા મળી ગયું!!

**મહારાજશ્રીના ભાવભર્યા આશીર્વાદથી આ તો રાજી રાજી થઇ ગયો.** આશિષ મેળવી એ ગયો. થોડી વારે બીજા એક શ્રાવક મહારાજશ્રી પાસે આવી કહે, ''પૂજ્યશ્રી ! હું દેવકરણ. કાલે આપે પરોઢિયે આવવા કહેલું તેથી આવી ગયો છું.'' ''અરે દેવકરણ ! તું હમણાં આવ્યો? થોડીવાર પહેલાં બીજા એક દેવકરણ આવેલા. મને એમ કે તે તું હતો. એને માંગલિક સંભળાવી દીધું.'''' સાહેબજી ! સમજફેર થઇ ગઈ'' '' ભાઇ ! મને ઓછું દેખાય છે. અંધારામાં ગોટાળો વળ્યો. જેવી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવિતવ્યતા. એના ભાગ્યે એ માંગલિક પામી ગયો! એને ઘણો લાભ થશે! મારે તો તારી ભક્તિથી તને સુખી બનાવવો હતો. પરંતુ તારું ભાગ્ય નહીં હોય. કાંઈ નહીં. હવે એને શોધી તું અહીં બોલાવ''. પેલો દેવકરણ કહે, '' ગુરૂદેવ ! હું અભણ ફેરિયો છું. મારા ભાગ્યમાં વળી ધન કયાંથી હોય ?'' મહારાજશ્રી ''પુણ્યોદયે તને મળશે. પણ તારી ઈચ્છા કેટલાની છે ? '' એણે કીધું, **''સાહેબજી ! ૧૦ હજાર મળી** જાય તો ઘણું ઘણું'' ''હજુ વધુ માંગ'' ગભરાતાં તે બોલ્યો, ''એક લાખ'' **જા મળશે. પણ તેથી વધુ જેટલાં મળે તેટલાં ધર્મમાં વાપરવાનો નિયમ લે !''** પેલાને આ અશક્ય જ લાગતું હતું. તેણે તો તરત જ તે સ્વીકારી લીધો !

**પરંતુ વર્ષો પછી તે તો દેવકરણ શેઠ બની ગયા.** એક વાર પત્ની પૂતળીબાઈ સાથે પાલીતાણા યાત્રાએ નીકળ્યા. રસ્તામાં સોનગઢ પાસે મોટરમાંથી સોનગઢ આશ્રમ જોયો. જોતાં વર્ષો પહેલાં મહારાજશ્રી પાસે સાંભળેલ માંગલિક અને લીધેલ અભિગ્રહ યાદ આવી ગયો !! ડ્રાઈવરને રોકી, ઉતરી શેઠાણીને બધી વાત કરી કહે ''આ બધું ધન તો મેં ધર્મને આપી દીધું છે.'' માણસ દિલનો ચોખ્ખો. પછી તેણે ૨ પુત્રીને ૫૦-૫૦ હજાર આપી **બાકીનું ધર્માદા કરી દીધું !!! ઘણાં ઉપાશ્રયો બંધાવવા વગેરે ધર્મકાર્યો કર્યાં.**

માંગલિક, વાસક્ષેપ, આશીર્વાદ વગેરેનો ચમત્કારિક પ્રભાવ છે જ. તપ, સંયમ, જ્ઞાન વગેરેનું બળ જેટલું વધુ તેટલો પ્રભાવ પણ વધુ ! તમે બધા પણ નૂતન વર્ષે સૌ પ્રથમ પ્રભુભક્તિ, માંગલિક-શ્રવણ વગેરે શ્રદ્ધાથી ભાવપૂર્વક આરાધી આત્મિક આનંદ વગેરે પામો અને પ્રભુને દિલથી પ્રાર્થના કરો કે આવો પ્રભાવવંતો ધર્મ રોજ વધુ ને વધુ કરવાનો ઉમંગ, ઉલ્લાસ ને શક્તિ અર્પે.

નૂતન વર્ષના જે પ્રભાતે અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ મહારાજાને કેવળજ્ઞાનનું પ્રદાન કર્યું તે જ પ્રભાત હે ગૌતમ સ્વામિજી ! આપની કૃપાથી અમને આત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાન અર્પણ કરો ! આ મંગલદિને પ્રસન્નતા, ખુશાલી અને આનંદ પ્રગટો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨. શત્રુંજય ભક્તિથી રોગનાશ

**૧૨ વર્ષનો અરિહંત ચમત્કાર વર્ણવતાં કહે છે** કે મારા ઘરનાં બધાંને શ્રી શત્રુંજયના દાદા શ્રી આદિનાથજી પર દઢ શ્રધ્ધા છે. મારા કાકીના પગની પાનીમાં પાણી ભરાતું હતું અને ઢીંચણનું દર્દ સખત હતું. ડૉકટરને બતાવી પાણી કઢાવ્યું. વળી પાછું ભરાતું. વૈદ્યની દવા કરી. કોઇ ફાયદો નહીં. એમ ૬ માસ થઇ ગયા.

ઘરેથી બધાંએ પાલીતાણા યાત્રાએ જવા વિચાર્યું. કાકીને મનમાં દુ:ખ કે બધાં સાથે જવાનું તો છે પણ મારે યાત્રા નહીં થાય. બધાં કહે કે તમારે ય જાત્રા કરવાની છે. ત્યારે કાકીએ મનથી નક્કી કર્યું કે જાત્રા કરીશ તો ચડીને જ કરીશ ! પાલીતાણા પહોંચી જાત્રા માટે ધર્મશાળાથી ચાલતા નીકળ્યા. તળેટી પહોચ્યા. દાદાને ભક્તિભાવથી કાકી વિનવે છે, **"હે દાદા ! તારા પ્રભાવે આટલે તો આવી ગઇ. તું મને ચઢીને યાત્રા કરાવ ... ..."** ચઢવા માંડ્યું. ૩ કલાકે આપ મેળે પહોંચી ગયા !! પૂજા કરી પ્રભુનું ધ્યાન કર્યું. વેદના બિલકુલ ન હતી! સારી રીતે નીચે ઉતર્યા! **તે દર્દ ગયું તે પછી ૪ વર્ષમાં કયારેય થયું નથી!** દાદાના આ પ્રભાવથી કાકીનો ભક્તિભાવ વધી ગયો. તે દર વર્ષે ૩ વાર શ્રી શત્રુંજયની યાત્રા કરે છે !!

શ્રી શાશ્વત તીર્થનો આ પ્રભાવ આવા કલિકાળમાં પણ ઘણાંએ અનુભવ્યો છે. આવા તીર્થાધિરાજની તમે ભાવથી યાત્રા કરી આત્માને નિરોગી બનાવો તથા યાત્રામાં કોઇ વિઘ્ન આવી પડે તો આવા પ્રસંગો યાદ કરી દાદા અને કપર્દી યક્ષને ગદ્‌ગદ્ હૈયે પ્રાર્થના કરી હિંમતથી યાત્રા કરો. વિઘ્ન ટળી જશે !!!

**નૂતન વર્ષનાં પરમ પવિત્ર દિવસે હે ભક્તવત્સલ ! તારા આ ભક્તના હૈયામાં શ્રી શ્રેણિક મહારાજા વગેરે જેવી ઉત્કૃષ્ટ ભક્તિ પ્રગટાવો.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩. યાત્રામાં સુપાત્રદાન !

**બાળ મુનિને વિહારમાં ઉનાળામાં ખૂબ તરસ લાગી હતી.** લીધેલું પાણી ખલાસ થઇ ગયું હતું. ગુરૂજી સમજાવી વિહારમાં આગળ ચલાવતા હતા. પણ થોડી વાર પછી થાકીને તરસ સહન ન થવાથી બેસી ગયાં. પાણી પાણી કરવા લાગ્યા. બધાં સાધુ મુંઝાઇ ગયા કે હવે શું કરવું ? ત્યારે એક જીપ પસાર થતી હતી. હાથ બતાવ્યો. ઉભી રહી વાત કરી કે પુણ્યશાળી ! આ બાળમુનિની દીક્ષા હમણાં થઇ છે. ખુબ તરસ લાગી છે. નજીક ગામમાંથી ઉકાળેલા પાણીની જરૂર છે. જીપવાળા કહે ''મહારાજશ્રી ! અમે જૈન છીએ. **અમારી પાસે જ ઉકાળેલું પાણી છે! લાભ આપો.''** આ ભાગ્યશાળીને બાળમુનિનો આવો મોટો લાભ મળી ગયો! આ જાણી વડોદરાના એક **બહેને નિર્ણય કર્યો કે યાત્રા પ્રવાસમાં હું કાયમ પાણી સાથે રાખીશ!** અને રસ્તામાં મળે તે સાધુ - સાધ્વી ભગવંતોને વિનંતી કરીશ. અચાનક મને કદાચ લાભ મળી જાય. વિહારમાં ઘણી વાર અમને સાધુઓને માઇલો સુધી માર્ગમાં પગે ચાલતો એકે માણસ મળતો નથી. ગામડિયા પણ હવે બસ વગેરેમાં જ જાય છે. રસ્તો ભૂલા પડયાં હોય તો પણ વિહારમાં વંદન કરનાર શ્રાવક પાસે રસ્તો સાધુને જાણવા મળે! **સાધ્વીજી આદિને વિહારમાં દુર્જનો વગેરેનો ભય** અચાનક આવી ગયો હોય તો આમ પૂછવાથી તેમના રક્ષણ વગેરે વિશિષ્ટ મોટો લાભ મળી જાય !!

એક સુશ્રાવક પાલીતાણા યાત્રા માટે આવેલા રસ્તામાં જેટલા સાધુ-સાધ્વી મળે તે બધાને વંદન કરે. ને ખપ માટે પૂછીને જરૂર હોય તેમની ભક્તિ કરે !! થોડા વર્ષો પહેલાં ઘણાં શ્રાવકો પાલીતાણામાં બધાં ઉપાશ્રયે બધાં સાધુ સાદવીને વહોરાવવાનો લાભ લેતા ! આજે આત્મહિતાર્થીઓએ એટલો તો સહેલો લાભ લેવો કે બધાંને 'મત્થએણ વંદામિ' કહી ખપ હોય તો પૂછી સુપાત્રદાન કરવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪. આયંબિલનો ચમત્કાર

લુણાવાડાનો હિમાંશુ વિદ્યાનગરમાં **ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગમાં** ભણે છે. હમણાંની જ વાત છે. ત્રીજા સેમીસ્ટરમાં ૨-૩ પ્રેક્ટીકલ ચૂકી ગયેલ. તે વિષયની **પરીક્ષામાં કોલેજે તેને બેસવાની મના કરી** દીધી. તેને બહુ દુઃખ થઇ ગયું. આપત્તિમાં માણસ શું કરે ? તેના **ઘરના બધાંને આયંબિલમાં અપાર શ્રધ્ધા હતી.** અને ઘરની તકલીફો આયંબિલના પ્રભાવથી દૂર થયેલી તે તેને ખબર હતી. તેને પણ આ આપત્તિ નિવારણ માટે આયંબિલ કરવાની ઇચ્છા થઇ.

હિમાંશુંએ જીંદગીમાં કદી આયંબિલ કર્યું ન હતું. છતાં હિંમતથી તેણે **આયંબિલ કર્યું !** પરીક્ષાની આગલી સાંજ સુધી પરીક્ષામાં બેસવાની રજા ન મળી. તેથી લુણાવાડા ઘરે જવા તૈયારી કરવા માંડી. ત્યાં અચાનક કોલેજમાંથી પ્રોફેસરનો ફોન આવ્યો કે **તું કાલે પરીક્ષા આપી શકે છે!** સાંભળી આનંદનો પાર ન રહયો. ચિંતાથી તેણે પરીક્ષાની પૂરી તૈયારી કરી ન હતી. પરંતુ આયંબિલના પ્રભાવે પ્રવેશ મળ્યો તો પાસ પણ કરશે, એમ વિચારી આખી રાત તૈયારી કરી. પરીક્ષામાં **સારા માર્ક્સથી પાસ થઇ ગયો!!!** તેની અને તેના ઘરનાની શ્રધ્ધા ખૂબ વધી ગઇ !

આયંબિલ પ્રભાવે દ્વારિકામાં ૧૨ વર્ષ સુધી દ્વૈપાયન દેવ પણ કશું ન કરી શકયો !! આ મહામાંગલિક આયંબિલ તપ બંને શાશ્વતી ઓળીમાં તથા મહિને ઓછામાં ઓછું એક તો કરવું જ જોઇએ. સંકલ્પ કરો તો જરૂર થાય. અઠ્ઠાઇ વગેરે કરનાર કેટલાક તપ પ્રેમીઓ પણ આયંબિલ કરતા નથી એ રસની લંપટતા છે. આયંબિલમાં તો જમવાનું પણ મળે છે. અને સાથે કર્મક્ષય, જીહ્વા-ઇંદ્રિયનો વિજય, શારીરિક નિરોગીપણું વગેરે ઘણાં લાભ છે. આ વાંચી હે ધર્મીઓ! નિર્ણય કરો કે આ મહિનામાં મારે આયંબિલ કરવું જ છે. પછી વારંવાર કરી તમે ધર્મને આરાધો એ શુભેચ્છા.

*** હે પ્રભુ ! ગૌતમસ્વામિજી જેવું ગુરુ-સમર્પણ મને આપો ***



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫. જ્ઞાનદીપકે ધર્મપ્રકાશ ઝગમગાવ્યો

(પુસ્તકે અજૈનને જૈન બનાવી દીધી !)

એક બ્રાહ્મણ છોકરી જૈનને પરણી. સાસરીના જૈન આચારો તે પણ આચરતી. અમદાવાદમાં સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના **"જૈન ધર્મનો સરળ પરિચય" પુસ્તક પર પરીક્ષા રખાઈ.** આ બ્હેને પણ પરીક્ષા આપવા એ પુસ્તક અનેકવાર વાંચ્યું.

એ બ્હેન પુસ્તકના અનુભવેલા ઉપકારને વર્ણવતાં કહે છે, "હું મનથી જૈન બની ન હતી. પણ આ **પુસ્તક વાંચતા જૈન ધર્મની મહાનતા સમજાઈ અને ખરેખર હવે જૈન ધર્મ દિલથી સ્વીકારું છું !** બ્રાહ્મણને દ્વિજ અર્થાત્ ૨ વાર જન્મનાર કહે છે. બ્રાહ્મણ એવી મારા ત્રણ જન્મ થયા. જૈન ધર્મની ભાવથી પ્રાપ્તિ એ મારો ત્રીજો જન્મ !!"

એક ઉત્તમ પુસ્તક ક્યારેક જીવોને કેટલો બધો મોટો લાભ કમાવી આપે છે ! પરીક્ષાના ઈનામનું લક્ષ્ય હોવા છતાં જો સુંદર પુસ્તક અજૈન એવી સ્ત્રીનું પણ હૃદ્ય-પરિવર્તન કરી દે તો **જૈન શ્રાવક એવા તમને માત્ર આત્મહિતની ભાવનાથી ધ્યાનથી ધાર્મિક વાંચન કેટલો બધો લાભ કરી આપે ?** તે વિચારી શાસ્ત્ર-અભ્યાસ ખૂબ ખૂબ વધારો. હે પુસ્તક પ્રેમીઓ ! ટી.વી. ના આજના માહોલમાં પણ તમારો પુસ્તકપ્રેમ એ તમારી એક વિશિષ્ટ ઉત્તમતા સૂચવે છે. **તમે આ લાયકાતને વધુને વધુ વાંચન દ્વારા વિકસાવી અન્ય ફાલતૂ સાંસારિક અને પાપી પ્રવૃતિઓની રૂચિને નષ્ટ કરવાની એક મહત્ત્વની સાધના દ્વારા ખૂબ જ આત્મહિત સાધો** એ અંતરની અભિલાષા. ધર્મવાંચનથી સંસારસ્વરૂપ, આત્મવૈભવ, સત્ય, તત્ત્વ, સ્વહિત વગેરે સમજાવાથી નિર્ભયતા, શાંતિ, આત્માનંદ વગેરે ઘણું મળશે.

*** હે દેવાધિદેવ ! શાલિભદ્રજી જેવો ગુરુભક્તિભાવ અર્પો ***



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૬. ધર્મસંસ્કારના અમૃતફળ

**ઉષાબહેનમાં બાળપણથી માતા પિતાએ ધર્મના સુસંસ્કાર સિંચેલા.** પિતા ધર્મ કરવાથી પ્રતિષ્ઠિત હતા. સુખી હતા. માતા પિતા ગરીબોને ઘણી મદદ કરે. પુત્રીના લગ્ન ધર્મી માતાપિતાએ ખાનદાન કુળમાં કર્યા. જો કે સાસરૂ ખૂબ ગરીબ. બધા સાસરિયાનો સ્વભાવ ખૂબ સારો. પણ ધર્મમાં પૂરા અજ્ઞાન. **પર્યુષણમાં પણ દર્શન ન કરે. વ્યાખ્યાન ન સાંભળે. કંદમુળ ખાય.**

ઉષાએ પ્રથમ પર્યુષણમાં પ્રવચન, પ્રભુ દર્શન કરવાની ભાવના જણાવી. ઘરના એ રજા ન આપી. તેને થયું સંવત્સરી પ્રતિક્રમણ કરવું જોઇએ. પતિને કહ્યુ, " ચાલો, પ્રતિક્રમણ કરવા જઇએ." પતિ કહે, "ચાલ ! તને લઇ જાઉં " એમ કહી ટોકિઝ પર લઇ ગયા.

ઉષાની ભાવના ઘણી. પણ સાસરું ધર્મ રહિત. તેથી ચૂપ થઇ ગઇ. એમ ૧૪ વર્ષના વહાણા વાયા. અવસરે સમજાવતા કંદમુળનો સાસરીવાળાએ પર્વતિથિઓએ ત્યાગ કર્યો. પ્રતિક્રમણ કરવા જવાની છૂટ આપી. જો કે પતિ કરે નહિં. ઉષાનો પુત્ર ૧૨ વર્ષનો થયો. માતાપિતાના સંસ્કારોથી ૧૨ વર્ષની ઉંમરે ઉષાએ ૧૬ ઉપવાસ કરેલા. તે વિચારી તેણે પુત્રને પ્રેરણા કરી, **"બેટા ! મેં તો ૧૬ ઉપવાસ કરેલા. શું તું અઠ્ઠાઇ ન કરી શકે ?"** વાત્સલ્યમય મમ્મીના કહેવાથી બાબાએ બે ઉપવાસ કર્યા. ઘેર પધારેલા મહાત્માએ જાણી ને કહ્યું, " **તમારા બાબાને અઠ્ઠાઇ જરૂર થઇ જશે."** પુત્રનો પણ ઉલ્લાસ વધ્યો. અઠ્ઠાઇ સુંદર રીતે પુત્રે પુરી કરી. ! **બાબાની અઠ્ઠાઇથી પતિ પણ ધર્મ તરફ વળતા ગયા.!** ધર્મભાવ વધતા અને સાધુ મહાત્માના પરિચયમાં આવતા પતિદેવ ધર્મમાં આગળ વધી પૂજા, નવકારશી, ચોવિહાર, ઉકાળેલુ પાણી, કંદમુળ-ત્યાગ, ગુરૂભક્તિ, કયારેક પ્રતિક્રમણ આદિ આરાધના કરી રહ્યા છે. ઉષાબહેન તો ખુશ ખુશાલ છે.

*** હે કરૂણાનિધિ ! મેઘકુમાર જેવો જીવદયા ગુણ મારે જોઇએ ***



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭. વાનરીને નવકારથી સદ્‌બુદ્ધિ

**શ્રી તારંગા તીર્થની** ૨૦૫૫ના માગશર માસની આ સત્ય ઘટના છે. ધર્મશાળામાં રૂમ પાસે પડાળીમાં એક શ્રાવિકાએ પોતાના ૨-૩ માસના સંતાનને ઠંડી ઉડાડવા તડકામાં ગોદડી પર સૂવાડયું હતું. પોતે કામમાં રૂમમાં હતા. પાસે વૃક્ષો પર વાંદરાં મસ્તી કરતાં હતાં. યાત્રિકો થોડે દૂર તડકો ખાતાં ઊભા હતાં. **અચાનક એક વાંદરી છલાંગ મારી ઓસરીમાંથી બાળકીને ઉઠાવી છાતી સરસી ભીડાવી નાઠી.** ઝાડની ઊંચી ડાળી પર જઇ બેસી ગઇ ! બધાં સન્ન થઇ ગયાં. જાણીને બાળકીની મા અત્યંત આક્રંદ કરવા લાગી. સગાં-સ્નેહીઓ, યાત્રિકો બધાં ચિંતિત બની ગયાં. અટકચાળી વાંદરી બાળકીને પીંખી નાંખશે ? નીચે પટકશે? કોણ જાણે શું કરશે ? ઘણાં બધાં એકઠાં થઇ ગયાં. પણ કરવું શું ? કોઇને કશું સૂઝતું નથી. ત્યારે જયંતિભાઇ યાત્રિકે શ્રેષ્ઠ એક માત્ર ઉપાય રજૂ કર્યો કે **આપણે બધાં શ્રી નવકાર મંત્ર રટીએ અને બોલીએ !** બધાંએ સ્વીકાર્યું. સાથે અજીતનાથ પ્રભુની સ્તુતિ વગેરે પણ ગાવા માંડયા. **માત્ર પાંચ જ મિનિટે વાનરી ધીરેથી નીચે આવી ! ઓસરીમાં ગોદડી ઉપર બાળકીને હતી તેમ સુવાડી દીધી !!!** ને ઝાડ પર પાછી જતી રહી. છોકરી રડવા લાગી. મા વગેરેએ તપાસ કરી. જરા પણ ઈજા ન હતી પહોંચાડી !! સૌને હાશકારો થયો. જયંતિભાઇએ વાંદરી તરફ જોયું તો તે આંખો ઢાળી નીચી નજરે પશ્ચાતાપ કરતી હોય તેમ ઉદાસ બેઠેલી! ખરેખર ! આવી ગમે તેવી આફતો નવકારથી ભાગી જાય છે !!!

આપત્તિમાં એક જ કામ કરવું. **શ્રધ્ધા અને આદર સાથે શ્રી નવકાર, અરિહંત, ગુરુ ભગવંત અને ધર્મના શીતળ છાંયે પહોંચી જવું.** આજ સુધીમાં અનંતા જીવોનું નવકાર વગેરેથી આપત્તિનાશ, સુખપ્રાપ્તિ વગેરે બધું કલ્યાણ થયું જ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૮. તપની ભાવના ખરેખર છે ?

**સ્મૃતિબહેનને જો વારંવાર યાદ કરી તેમના અનુભવમાંથી તમે બોધપાઠ લો તો ચોક્કસ મહામંગલકારી તપ તમે કરી શકશો.** તપના ઘણાં બધાં લાભ છે. આજે લોકોમાં વિશેષ ધર્મ એક માત્ર તપ છે. સંસારમાં ફસાયેલાં પણ તપ તો જરૂર કરી શકે.

સ્મૃતિબહેનનો જાત અનુભવ તેમના શબ્દોમાં વાંચો : **ઘણાં વર્ષોથી રાત્રે સૂતી વખતે રોજ એક દુ:ખ અવશ્ય મને થતું કે હું કોઇ પણ તપ કરી શકતી નથી !** ઘણાં લોકો ઉપવાસ, આયંબિલ આદિ કર્યા કરે છે. હૈયુ ભરાઇ જતાં ઘણી વખત આંખમાં આંસુ આવી જતા.

સંકોચ હોવા છતાં ભાવના વધવાથી **પૂ. સાધ્વીજી મ. ને મારી અંતરની વ્યથા જણાવી. તેમણે મને નિયમોથી સારૂં થશે એમ આશ્વાસન આપ્યું.** દર ૩ કલાકે ભૂખથી ૧૨ આની જમવું. માત્ર ઉકાળેલુ પાણી પીવું. સાંજે પ્રતિક્રમણ ને સૂતા ચારે આહારનું પચ્ચક્ખાણ કરવું. એવા નિયમ આપ્યા. આજ સુધી મને ભૂખ ઘણી લાગે. વારંવાર થોડું થોડું ખાવું જ પડે. છતાં શ્રદ્ધાથી આ નિયમો લીધાં. થોડા દિવસો તકલીફ પડી. પણ તપનો ભાવ ઘણો અને ધર્મમાં શ્રદ્ધા. તેથી આ નિયમો ચાલુ જ રાખ્યા. પણ પછી તો ધર્મ પ્રભાવે અને શરીર એમ ટેવાવાથી સહેલું થઇ ગયું !

**આમ આખો દિવસ ખાનારા પણ હિંમત કરી તો અઠ્ઠમ વગેરે પણ કરતાં થઇ ગયા.** તમે પણ દૃઢ મનથી આવા ઊંચા ધર્મને કરવા માંડો. જરૂર સફળતા મળશે. સંસારની જવાબદારીઓમાં પણ બહેનોએ યથાશક્તિ રોજ અને પર્વદિવસોએ તપ કરવો જોઇએ. તપથી અણાહારી પદ, નિર્જરા, પુણ્ય, અંતરાય નાશ, લબ્ધિઓ, સર્વત્ર સુખ અને શાંતિ, ભવોભવ ધર્મસામગ્રી વગેરે બધું ચોક્કસ મળે. વળી ટેવથી પર્યુષણા વગેરે શ્રેષ્ઠ દિવસોમાં પણ મોટો તપ કરી શકાય.

*** હે વજ્ર સ્વામિજી ! આપના સમાન જ્ઞાનરાગ અમને પ્રદાન કરો ***



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯. પ્રસંગો પુસ્તકનો પ્રભાવ

વડોદરાના પ્રફુલ્લભાઈએ ધર્મનો પ્રભાવ સાક્ષાત્ અનુભવ્યો, તો પુસ્તક પ્રત્યે તેમનો ભક્તિભાવ અનેકગણો વધી ગયો ! તેમને જ આપણે સાંભળીએ : **"તા. ૧૭/૯/૯૯ એ જૈન આદર્શ પ્રસંગો ભાગ-૧ વાંચવા માંડયો.** વાંચતા ધર્મ પ્રભાવની શ્રદ્ધા વધતી ગઈ. ત્યાં ઓફિસમાં ઓચિંતા ઈન્સ્પેકટરો ચેકીંગમાં આવ્યા. બધું બતાવ્યું. તેઓ ધંધો નીતિથી કાયદાનુસાર જ કરતા હતા. છતાં લોભથી ઈન્સ્પેકટરો મને ફસાવવા પ્રયત્ન કરતા હતા. હું પણ ભયભીત થઈ ગયો. ઈન્સ્પેકટર ગમે તેમ ફસાવવા માંગે છે. આમ કદાચ સરકારી આંટીઘૂંટી-ચક્કરમાં ફસાવી દેશે. આવેલ આપત્તિથી બચવા શ્રદ્ધાથી પુસ્તકના લખનાર ગુરૂજીને કલ્પનાથી યાદ કરી **ભાવથી વિનંતી કરી, "ગુરૂદેવ ! કોઈ માર્ગ બતાવો !"** ત્યારે ચા-નાસ્તો કરતા ઈન્સ્પેકટરની દૃષ્ટિ "જૈન આદર્શ પ્રસંગો" પુસ્તક પર પડી. પુસ્તકો જોયા. તરત જ મને ઈન્સ્પેકટર કહે, "પ્રફુલ્લભાઈ ! તમારા ચોપડા સાચા છે. **પણ સત્તાનો લાભ લેવા તમને ફોગટ પ્રશ્નો પૂછી ગુંચવી રહ્યો હતો.** ચોપડીઓ જોતાં થઈ ગયું કે **તમે મારા સાધર્મિક છો. મારાથી તમને હેરાન કરવાનું ભયંકર પાપ ન કરાય !** તમને દુ:ખી કર્યા. મને માફ કરો !" ક્ષમા માંગતા રડવા લાગ્યા !!! બોલ્યા કે સંવત્સરી પ્રતિક્રમણ પછી આ નોકરીના કામે સૌથી પહેલાં તમારી ઓફિસે આવ્યો. મેં તમને દુ:ખી કર્યા. મને ખૂબ પસ્તાવો થાય છે. એમ બોલી, ઊઠી, પગે પડી 'મને માફ કરો' એમ બોલવા લાગ્યા ! હું તેમને ભેટી પડયો, બંને એ એકબીજાને માફી આપી. જતાં તેમણે સરનામું આપી ઘેર આવવા ભાવથી આમંત્રણ આપ્યું !

પછી અપરિચિત ગુરુજીનું પુસ્તક પર નામ વાંચ્યું. મનમાં ગદ્‌ગદ્ થઈ તેમને પ્રાર્થના કરી, **"ગુરુદેવ ! તમારી કૃપાથી આજે બચી ગયો ! આ પ્રસંગ જીંદગીભર યાદ રહેશે."** ત્યારબાદ પ્રફુલ્લભાઈ પેપર આપવા આવ્યા. તેમને મારું ચોમાસુ ક્યાં છે તે ખબર ન હતી. તેમને વંદનની ખુબ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવના થઈ. તેથી પેપરમાં છેલ્લે પરીક્ષકને વિનંતી કરી કે મ.સા. વડોદરા આવે ત્યારે મને જણાવશો તો મારી વંદનની સાચી ભાવના પૂર્ણ થાય. પણ ઉપાશ્રયમાં હું મળી ગયો. તો ખૂબ ખૂશ થઇ ગયા. પગમાં જ પડી ગયા. ગદ્ગદ્ થઇ ગયા. **પોતાને જે ચમત્કાર અનુભવવા મળ્યો તેથી દિલથી આભાર માનવા લાગ્યા.** પુસ્તકના નિમિતે જૈન ઇન્સ્પેક્ટરને ખ્યાલ આવી ગયો કે આ ભાઈ જૈન છે. તેથી સાધર્મિકની ભક્તિ કરવાને બદલે તેમને ત્રાસ આપું છું તેમ વિચારતા માફી વગેરે માંગી. **પુસ્તકો વાંચતા જ્ઞાન, ધર્મ, શ્રધ્ધા, સદાચાર, નિર્જરા વગેરે ઘણાં લાભ છે.** ધાર્મિક પુસ્તકો વાંચી આત્મહિત સાધો એ શુભેચ્છા !

## ૧૦. કોલેજીયન યુવતી રાણી બની

દક્ષિણમાં ઉટી નામનું એક સૌંદર્ય નીખરતુ ગામ છે. ઉટીને લોકો પર્વતોની રાણી (Queen of hills) કહે છે. એ રાણીમાં જન્મેલી એક બાળા ખરેખર આશરે ૨ વર્ષ પહેલાં વિશ્વની રાણી બની ગઈ, જેમ કૃષ્ણ મહારાજે પોતાની સો કુંવરીને રાણી બનાવી હતી. આ બાલિકાની માતા સાચી શ્રાવિકા હતી. તેણે પોતાની **આ સુપુત્રીને સુખી બનાવવા સંસ્કારો સિંચવા માંડયા.**

ભરયુવાનવયે રૂપ, કોલેજ-શિક્ષણ, ધન વગેરે બધી રીતે આગળ પડતી **આ યુવતીને શ્રી કલિકુંડ તીર્થની પવિત્ર ભૂમિમાં દીક્ષા માટે ઓઘો લઈ નાચતી જોઈ હજારો લોકોના દિલ ધબકતા બંધ થઈ ગયા !** તેના શબ્દોમાં તેની દિલધડક કથની બે હાથ જોડી તમે વાંચો તો તમારો આતમા પાવન થઈ જશે. " **આજે પણ મારી માતાના એ અનંત ઉપકારો યાદ કરતાં આનંદ સાગરમાં સ્નાન કરવા માંડુ છું.** મમ્મીએ વાત્સલ્ય સાથે ઘણાં સુખની વચ્ચે અપાર સંસ્કારો પણ સિંચ્યા! જ્ઞાનીઓએ આઠ વર્ષે દીક્ષા લેવાની આપણને આલબેલ પોકારી છે. **મને એ ગર્વ છે કે આઠ વર્ષે દીક્ષા તો ન મળી પણ દીક્ષાની સાચા દિલની ભાવના તો થઈ ગઈ.** એટલી હું નશીબદાર ખરી જ !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમોપકારી, પરમ પૂજ્ય, ગુરૂદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજીમ.સા.ના આઠ વર્ષની ઉંમરે પવિત્ર દર્શન થતાં જ મને દીક્ષાની ભાવના પેદા થઈ ગઈ ! નાચતી-કૂદતીક હું સાથે ગાતી કે "जब मैं बडी होंगी, तब दीक्षा लूंगी !"

પછી તો પૂજ્યશ્રીના બાળકો માટેના અંગ્રેજી પુસ્તકો વાંચવાના શરૂ કર્યાં. એટલી બધી મઝા આવી કે એમાં આગળ ને આગળ વધતી જ ગઈ. મેં તો પૂજ્યશ્રીના બધાં અંગ્રેજી, હિન્દી પુસ્તકો વાંચી નાંખ્યા, જેમ એક ક્રિકેટરસિક છોકરો સચિનને રમતો જોવો શરૂ કરે પછી કલાકો સુધી એની અફલાતૂન બેટિંગ માણ્યા જ કરે. અને..... અને..... **આ જ્ઞાને તો વયથી લઘુ એવી મને જ્ઞાન અને સમજથી ખુબ મોટી બનાવી દીધી !** મારામાં દૃઢ વૈરાગ્ય પેદા થઈ ગયો. મોટી થયા પછી કોલેજમાં સાહિત્યનો અભ્યાસ આદર્યો. રોટ્રેક્ટ ક્લબની સભ્ય બની.

પપ્પા, મમ્મીના વાત્સલ્યમાં ન્હાતી, સુખ-સગવડતાના ઢગલામાં આળોટતી, બધાં વૈભવ સુખો જોતી, આનંદ-વિલાસ અનુભવતી. પરંતુ આતમાને તૃપ્તિ ન થતી. કંઈક સુનકાર, ખાલીપો, અનુભવાતો. આતમાને થતું કે આ બધું તો ચાર દિનની ચાંદની છે. **આવા તુચ્છ સુખ માટે તો મારું આ કિંમતી જીવન નથી જ !** ઘણીવાર પ્રકૃતિના અદ્ભુત સુખો જોતી. સંધ્યાનું સૌંદર્ય ચારેકોર છવાઈ ગયું છે. સૂર્ય ડૂબી રહયો છે. આકાશને દિવ્ય રંગોથી સંધ્યા રાણીએ રંગબેરંગી બનાવી દીધું છે. વૃક્ષોએ રંગબેરંગી પુષ્પોથી આખી ધરતીને સુવાસથી મઘમઘાયમાન બનાવી દીધી છે. પણે સરોવરમાં હંસો વગેરે પક્ષીઓ મુકતપણે નાચી-કૂદી રહયા છે. કેટલુ વર્ણન કરૂં ? ....... દિવ્ય દ્રશ્યો જોતાં આનંદ તો થતો. પણ સાથે મનમાં મંથન પણ કરતી કે વાહ ! ચારે બાજુ સૌંદર્ય વેરાઈને પડયું છે. પરંતુ આ બધી તો માયા છે. હમણા જ બધું વિખરાઈ જશે ને ચારે બાજુ અંધકાર છવાતાં આ બધો આનંદ લૂંટાઈ જશે....



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**આમ ચિંતન કરતાં થતું કે ખરેખર તો સુંદર, નિર્મળ, પવિત્ર કોઈ ચીજ હોય તો તે આતમા છે..... એને સદા માટે પવિત્ર બનાવનાર છે ધર્મ..... સંચમ !**

વિશ્વમાં દરેક માણસનું ધ્યેય હોય છે. દરેકને સુખ જોઈએ છે. સુખ અંગેની માન્યતા દરેકની ભિન્ન હોઈ શકે છે. ઘણાંને ધન, સગવડતા વગેરેમાં ખૂબ મઝા આવે છે. છતાં આજે પણ કેટલાક ભણેલા સુખી યુવાનો પણ ધર્મ, સંયમ આદિમાં ઊંચું સુખ માને જ છે. એમાં ઘણાં દુ:ખો હોવા છતાં પરિણામે એક અદ્વિતીય આનંદ મળે જ છે, એવું ઘણાં અનુભવીઓ કહે છે. મારી પૂર્વની કોઈ ઊંચી સાધના, માતાદિના સંસ્કાર, ગુરુજનોની કૃપા વગેરેથી **મને સાચા સુખ માટે સંયમ જ શ્રેષ્ઠ ઉપાય લાગ્યો ! વ્હાલા કુટુંબીજનોએ દિલથી સંમતિ પણ આપી અને મને તીર્થમાં સંયમ મળી ગયું !!!**

સંયમના એક વર્ષના અનુભવે લાગે છે કે મારા આતમાનો અવાજ ખરેખર તદ્દન સત્ય છે. સંયમમાં થોડો આત્મિક આનંદ તો અત્યારથી જ જરૂર અનુભવુ છું ! **પણ તે ઉપરાંત અહીં જે જ્ઞાનની મસ્તી, સદાચારીઓની સેવા, ચોવીસે કલાક પવિત્ર વિચારો, સાધનામય વાતાવરણ, સંસારની બધી ઉપાધિઓ, ટેન્શનો વગેરેની મુક્તિથી શાંતિ વગેરે ઘણું બધું મને ચોક્કસ મળી ગયું છે !!!**

વધુ તો શું કહું ? સચિનની બેટિંગનો અવર્ણનીય આનંદ જેણે માણવો હોય તેને મેચ જોવા જાતે જવું પડે તેમ **આ આકાશી આનંદને અનુભવવા તમારે પણ અહીં જ આવવું પડે !** જગતના સર્વ જીવો સાચા આત્મિક સુખને પામો એ જ પ્રભુને પ્રાર્થના.''



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૧. પ્રથમ આયંબિલનો ચમત્કાર

પાલનપુરના એ વતની હાલ સુરતમાં રહે છે. એમનું નામ ગિરીશભાઈ. એમને હોટલમાં ખાવાનું, રાત્રે ખાવાનું એકદમ સામાન્ય. કોઈ થાળી ધોઈને પીતા હોય કે આયંબિલનું ભોજન જમતાં હોય તો પણ તેમને ઉબકા આવે. એક વખત પોતાના બહેન - બનેવી અને પત્ની સાથે હોટલમાં તેઓ મઝેથી ખાતા હતા અને પત્નીએ એક આયંબિલ કરવાનું દબાણ કર્યું. બહેન - બનેવીએ આ વાતને ટેકો આપ્યો. ગિરીશભાઈ કહે કે આગ્રહ હોય તો ઉપવાસ ખેંચી કાઢું પણ આયંબિલ તો મારાથી થઈ જ ના શકે.

છેવટે **બધાના દબાણથી એમણે જીંદગીનું સૌ પ્રથમ આયંબિલ કર્યું.** એમને એ ખુબ અનુકુળ આવી ગયું ! બીજે દિવસે પણ કર્યું ! લગભગ ૩૨-૩૩ આયંબિલ સતત થયા ! **સદ્‌ગુરૂની પ્રેરણાથી એમણે લાગટ ૧૦૮ આયંબિલ કર્યા !!** ગિરીશભાઈ ની આયંબિલ ગાડી હવે ચોથા ગિયરમાં આવી ગઈ હતી એમણે સતત ૧૭૫ આયંબિલ પુરા કર્યા !!!

જે સંબંધીઓ આયંબિલ કરવા આગ્રહ કરતા હતા એજ હવે પારણું કરાવવા આગ્રહવાળા બન્યા. શરીરનું વજન ૯૪ કીલોમાંથી ૭૪ કીલો પર આવી ગયુ હતું પણ ગિરીશભાઈ ને એનો વાંધો ન હતો. **એમણે ૧૦૦૮ આયંબિલનો પોતાનો નિર્ધાર જાહેર કર્યો !** સંબધીઓ આ પડકાર ઝીલી શકવા સમર્થ ના બન્યા. બધાના અતિ આગ્રહથી એમણે ૧૮૧ આયંબિલે પારણું કરવું પડ્યું.

હાલ ( ચૈત્ર ૨૦૫૫ ) એમને વર્ષીતપ પૂર્ણ થવાના આરે છે ! એ **સતત બીજો વર્ષીતપ કરવા થનગનાટ અનુભવે છે.** ( મનસ્વી કાયાથી દુ:ખ ને પણ ગણકાર્યા વગર શું શું કરી શકે છે એ વાત અહીં બહુ સ્પષ્ટ જણાઈ આવે છે.) અશક્ય એવું આ વાંચતા આશ્ચર્યમાં ડુબેલા તમે હવે ભાનમાં આવ્યા? ક્યારેક એવું વિશ્વમાં બનતું હોય છે કે માણસને જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે શક્ય જ ન લાગતું હોય તે કરવા માંડે તો ખબર પડે કે આ તો સાવ સહેલું છે અને કોઈકને તો એ એટલું ગમી જાય છે કે પછી એ આત્મસાત્ થઈ જાય છે. તેથી **તમે પણ નક્કી કરો કે પ્રભુએ કહેલા બધાં અનુષ્ઠાનો આપણે અવારનવાર કરવા. એમ ક્યારેક એક અનોખા આનંદને મેળવવાની ચાવી તમારા હાથમાં આવી જશે. !**

## ૧૨. નવકારે ભૂતથી બચાવ્યો !

વડોદરાના પરેશનો આ સ્વાનુભવ આપણને **નવકારના પવિત્ર શબ્દોમાં જ્ઞાનીઓએ વર્ણવેલા પ્રભાવની** સિદ્ધિ કરાવે છે ! પરેશકુમારના શબ્દોમાં જ વાંચો : ૧૮ વર્ષ પહેલાં હું પંચમહાલ જીલ્લાના એક શહેરમાં ધંધાર્થે ગયેલો. એક સંબંધીના ઘાબે એકલો શ્રી નવકાર ગણી સૂતો. ઉંઘમાં જ મારા ખભા પર દબાણ ખૂબ વધતું ગયું. આંખ ખોલી. કોઈ દેખાયુ નહીં. ડરથી આંખો મીંચી દીધી. અદશ્ય શક્તિની **કલ્પનાથી ભય વધ્યો. શ્રી નવકારનું સ્મરણ કર્યું.** ભૂતે જોર વધાર્યું. પછી તો જેમ ભયથી મેં ઝડપથી નવકાર ગણવા માંડયા તેમ પ્રેત તેનું જોર વધારતું ગયું. મેં નવકાર ચાલુ જ રાખ્યા ! અચાનક મેં મારા શરીરને લગભગ ૪ ફૂટ ઊંચેથી પથારીમાં પડતું જોયું ! ભય ઘણો વધી ગયો. આંખો ખોલી ન શક્યો. ચોરસો ખેંચી ઓઢયો. નવકાર ગણવા ચાલુ રાખ્યા. ઉંઘ આવી ગઈ ! સવારે ઉઠયો. ઉઠાય નહીં. ભીંતના ટેકે બેસી રાતનો બનાવ વિચારતા તાવ ચઢયો. કામ પતાવી મારા ગામ જવા નીકળ્યો. પરેશભાઈ કહે છે ત્યારે **નવકારે મને બચાવ્યો.** હે પુણ્યાત્માઓ ! તમે પણ નિર્ણય કરો કે ભયંકર આપત્તિમાં નિર્ભયપણે **શ્રી નવકારનું શરણું સ્વીકારશું !** નવકારએ રક્ષણ, પુણ્ય, સુખ, સદ્‌ગતિ અને શિવગતિ બધું જ આપે છે.

*** હે સ્થુલિભદ્રસ્વામિ ! આ સેવકમાં બ્રહ્મતેજ પ્રગટાવો ***



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩. તીરથની આશાતના નવિ કરીએ !

વડોદરાની શ્રાવિકા આશાતનાના માઠા ફળ અનુભવી આપણને ચેતવે છે કે ભાઇઓ ! તીર્થ વગેરેની શક્ય એટલી ભક્તિ કરો. પણ મારો આગ્રહ છે કે આશાતના તો થોડી પણ ન કરતા. આમને આપણે ધર્મજ્ઞા નામ આપીએ. આ બહેન લખે છે :- મેં કરેલી એ આશાતના મારાથી જીંદગીભર ભૂલાશે નહિં. ૨૪ વર્ષની ઉંમરે પાલીતાણા પહેલી વાર યાત્રા કરવા મળી. ૨ યાત્રા કર્યા પછી થાકથી પગમાં ખૂબ કળતર થતું હતું. ચાલતા પગ આડા અવળા પડતા હતાં. દર્દથી કંટાળી મારાથી બોલાઇ ગયું, ''બાપરે ! **આવી ત્રાસદાયક યાત્રા કરવા બીજી વાર નહીં આવું''** સાંભળી સગાઓએ મને ઘણું સમજાવ્યું કે આવું ન બોલાય. પણ કોઇનું માન્યું નહીં. ૫-૭ વર્ષ પછી ફરી કાકાજી ના સંઘમાં જવાનું થયું.ત્યારે યાત્રા કર્યા પછી ખુબ પગ દર્દ થવાથી ફરી એવું જ બોલી પડી. પછી પણ આ ભંયકર પાપનો પસ્તાવો પણ ન થયો. કોણ જાણે **આ પાપને કારણે જ પછી ૧૪ વર્ષ સુધી યાત્રા કરવા ન મળી!**

પાલીતાણા યાત્રા કરવાના પ્રોગ્રામ ઘણીવાર ઘડ્યા પણ કોઇને કોઇ વિઘ્ન આવી પડે ને યાત્રા થાય જ નહીં. આવું ઘણીવાર થવાથી મન વિચારે ચડ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે મેં બે વાર આ ભંયકર આશાતના કરી. તેથી ૧૪-૧૪ વર્ષથી યાત્રા થતી નથી. તેથી ખૂબ જ પસ્તાવાપૂર્વક **દાદાને અંતરથી ઘણીવાર કાકલૂદી કરે,** માફી માંગે. છોકરાઓને પણ સમજાવે કે તીર્થની આશાતના કદી ન કરવી. ૧૪ વર્ષ પછી નણંદ સપરિવાર પાલીતાણા ની યાત્રા કરવા જતા હતા. આમંત્રણ આપવાથી આ બહેને પોતાના બે સંતાનને સાથે મોકલવા વિચાર્યુ. પોતાને ૨ દિવસ ઘણો પશ્ચાતાપ થયો કે ૧૪ વર્ષથી યાત્રા થતી નથી. મારે પણ યાત્રા થાય તો કેવું સારૂ ? ભલે ! અત્યારે પુત્ર પુત્રી ને તો થાય છે ને! તેમના ધન્ય ભાગ્ય ! પોતે પણ દાદાને યાત્રાએ બોલાવવા આંજીજી કરી કે **''સજા માફ કરો. હવે ક્યારેક કોઇપણ તીર્થની આશાતના નહીં કરું !!''**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાલીતાણા નીકળતાં નણંદ બા કહે, " ભાભી, તમે પણ ચાલો. મારા ભાઈએ તમને પણ આવવા રજા આપી છે. ! ૩-૪ દિવસ તમારા બધાં વિના ભાઈ પોતાનું બધું સંભાળી લેશે." **દાદા એ પોતાને માફ કરી, એમ વિચારી ધર્મજ્ઞા બહેન તો રાજી રાજી થઇ પાલીતાણા જવા તરત તૈયાર થઇ ગયા.** નીકળ્યા પણ ઉંડે ઉંડે ભય લાગતો કે ભયંકર પાપ કર્યાં છે. કોઇ વિઘ્ન તો નહીં આવે ને ? માંડ પુણ્યોદય જાગ્યો છે તો દાદાની યાત્રા તો થશેને ? પરંતુ **સાચા પશ્ચાતાપના કારણે હેમખેમ પાલીતાણા પહોંચ્યા !** ત્યારે આનંદ આનંદ થઇ ગયો. બીજે દિ' યાત્રા કરવા ગયા. બહેન ની તબિયત અસ્વસ્થ હતી. તેથી નણંદ વગેરેએ ડોળીમાં બેસવા ખૂબ આગ્રહ કર્યો, પરંતુ ૧૪ વર્ષે ભાગ્ય જાગ્યું છે તેથી મનમાં **ઉલ્લાસ જાગ્યો કે ગમે તે થાય પણ યાત્રા તો ચઢીને જ કરવી છે.** ઉમંગથી ઉપર પહોંચ્યા. ત્યારે ધર્મજ્ઞાબહેનનો મનમોરલો નાચી ઉઠ્યો! દાદાના દર્શન કરતા આભાસ થયો કે જાણે દાદા મને આવકાર આપી રહ્યા છે! હર્ષાશ્રુ સાથે દાદાનો ખૂબ ખૂબ આભાર માનવાપૂર્વક ભાવથી ખૂબ ભક્તિ કરી.

બીજી બે યુવતીઓ પણ યાત્રાએ ગયેલી. ખૂબ થાક થી પગ દુખવાથી એકે વિચાર્યું કે આવી યાત્રા ફરી નહિ કરૂં. પછી ભાન આવતાં પશ્ચાતાપ કર્યો. હે જૈનો ! તમે શુભ ભાવથી શત્રુંજય જાવ છો. **દાદા અને કવડ યક્ષને નિર્વિઘ્ન યાત્રાની વિનંતી કરી** યથા શક્તિ ધીમે ચડવું ને ધીમે ઉતરવું, ભક્તિભાવ વધારવો અને આશાતનાના પાપો ત્યજવા. દાદાનો અચિંત્ય પ્રભાવ છે કે **બિમારને પણ ખૂબ સારી રીતે યાત્રા ચોક્કસ થશે !!!**

**आभुषण बननेके लिये सोनेको गलना पडता है,**
**बात बातमे मत रुठो यारो, चिल्लानेसे क्या मिलता है ?**
**महापुरुष बनने वालोंको, धरतीकी तरह सहना होता है ।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૪. પાપભય થી લગ્નનો ત્યાગ

ગુજરાતની એ લગભગ ૨૦ વર્ષની નવયૌવનાની આ તદ્દન સત્ય વાત છે. એને આપણે મૃદુલા કહીશું. ઘર ધર્મી, સાધુ સાધ્વી ની પણ ખુબ ભક્તિ કરે. **યુવતી સમય મળે ત્યારે સાધ્વીજી પાસે ભણે. ધર્મની વાતો સાંભળે.** એની ધર્મશ્રદ્ધા દૃઢ થઈ ગઈ.

કન્યા ઘણી રૂપાળી. પોતા કરતાં અનેક ગણા સુખી યુવાન સાથે લગ્ન માટે વાત ચાલી. યુવક રૂપાળો, ભણેલો હતો. બન્ને પક્ષ લગ્ન માટે સંમત થઈ ગયા. કાકાએ છોકરીને છેલ્લે પુછ્યું, ''લગ્ન નક્કી કરીએ છીએ. તારે કઈ કહેવું છે ?''

હૃદય ભરાઈ જવાથી યુવતી રડવા લાગી. પંદરેક મિનીટ તે રડવું રોકી ના શકી. **તેને ભાવિ પાપના વિચારે કમકમાટી થતી હતી.** છેવટે કાકાએ કહ્યું, '' બેટી ! રડ નહીં. તારા દિલમાં જે કંઈ હોય એ કહી દે. આપણે તેનો રસ્તો કાઢશું. પરંતુ આવો મુરતિયો આજે આપણને મળવો ખુબ મુશ્કેલ ગણાય.''

ધર્મરાગી એ કન્યા ગદ્ગદ્ સ્વરે કાકાને કહે છે, '' એ યુવાનના ઘરનાં કંદમૂળ ખાય છે. **શું મારે અનંત જીવોને મારવાનું પાપ કરવાનું? અને તે પણ રોજ ? ભલે ઘણું બધું સુખ મળવાનું છે પણ આ પાપ તો હુ નહીં કરી શકું !!''** કાકા સમજુ હતા. તેમણે કહ્યુ, '' દિકરી ! આપણે એમને કંદમુળ બંધ કરાવી ન શકીએ. પરંતુ તારી ઈચ્છા વિરૂદ્ધ અમે કોઈ નિર્ણય નહીં કરીએ.'' કન્યાવાળા બહાનું કાઢી મુરતિયા પાસેથી પાછા આવ્યા.

માતાએ આ જાણી સુપુત્રીને ખૂબ ખખડાવી. પણ પિતા ને કાકા યુવતીના પક્ષે ઉભા રહયા. મા સંસાર પ્રેમી છે તેથી કંદમૂળના અનંત પાપનો ભય નથી. અને હાથમાં આવેલા આવા સુખને પુત્રી હડસેલી દે છે તેથી ગુસ્સે થાય છે. જયારે ભરયુવાન વયવાળી કુંવારી યુવતી પૂર્વભવમાં સાધના કરીને આવી હશે તો ભરચક સુખ મળવા છતાં પાપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવા એ તૈયાર નથી ! ધન્યવાદ એ ધર્મી કન્યાને. યુવાન વય છે તેથી પિતા બીજા મૂરતીયાની શોધનો વિચાર કરે છે. પરંતુ **આ કાળનો કોઈ નટખટ યુવાન કમભાગ્યે લમણે ઝીંકાશે તો કંદમુળ રાંધવા વગેરે કોણ જાણે કેટલા પાપ કરવા પડશે** એવું કાંઈ વિચારી સંસાર પરથી વૈરાગ્ય આવી જવાથી વિનંતી કરે છે કે હમણાં એ વિચાર નથી. પૂ. સાદવીજી પાસે ધાર્મિક અભ્યાસ કરીશ. પછી ભાવ જાગશે ને આપ આશીર્વાદ આપશો તો આત્મ-કલ્યાણ કરીશ.

## ૧૫. બાલિકા કે સાધિકા

**આ પ્રસંગ વાંચ્યો ત્યારે મનને આનંદ તો અત્યંત થયો** પણ આશ્ચર્યનો પણ પાર ન રહ્યો. **માત્ર પાંચ વર્ષની બાલિકા પણ કેવી ધર્મી હોય છે** તે તમે પણ ખૂબ આદર સાથે વાંચો. મગજમાં કેન્સરની ગાંઠવાળી આ છોકરીએ માત્ર ૫ વર્ષની જીંદગીમાં કેટલા દુ:ખો વેઠયા તે જાણી આપણી તો છાતી બેસી જાય! **અધૂરા માસે જન્મ** થવાથી ડૉકટરોને **આશ્ચર્ય થયું**. તાત્કાલિક ઉપચારો કર્યા. બચી ગઈ. પેટીમાં ૩ માસ રાખવી પડી.

જન્મતા અતિ રૂપાળી જોઈ બધાને વ્હાલી થઈ પડી ! માતા પિતાએ આ પુણ્યશાળી બાળાને **શ્રી શત્રુંજયની ૩ વાર અને શ્રી શંખેશ્વરજીની** ૧ વાર યાત્રા કરાવી. એક વાર તેને કમળો થઈ ગયો. થોડા વખત પછી માથામાં પાછળના ભાગમાં દુ:ખાવો થયો. એક્સ રે તપાસથી મગજમાં કેન્સરની ગાંઠનું નિદાન આવ્યું. હોસ્પિટલમાં દાખલ કરી. બિલકુલ રડે નહીં. ડૉકટરોને અત્યંત આશ્ચર્ય થાય કે મગજના કેન્સરમાં સમજુ, સહનશીલ હોય તો પણ રાડો પાડી માથા પછાડે. આ શું કોઈ દેવી છે ? **કેવી રીતે આ આટલી ભયંકર પીડા સહન કરે છે ?** પાછી ૫ વર્ષની ટેણી ! સમજ, જ્ઞાન કશું ય નહીં. ઉપરથી તે તેની મમ્મીને શાંત રાખે. તેને થતું હશે કે હું રડીશ તો મમ્મીને પણ ઘણું દુ:ખ થશે. તેથી બધું સહન કરે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ધર્મી આ બાળાએ કાકા પાસે વચન લીધું કે** સારી થઇ જાઉં તો મને શ્રી શાશ્વતગિરિની અને શંખેશ્વરજીની યાત્રા અને પૂજા કરાવવાની! ખબર પૂછવા આવનારાઓને સંસારની કોઈ વાત ન કરવા દે. **આટલા દર્દમાં પણ માત્ર ધર્મ અને નવકારની વાતો જ તેને સાંભળવી ગમે !!!** કેન્સરના ઓપરેશનના આગલા દિવસે શ્રી નવકાર, ઉવસગ્ગહરં મંત્રથી મંત્રિત પાણી વાપર્યું. પરંતુ આયુષ્ય ખલાસ થયું હશે. ન બચી. નવકાર સાંભળતા સદ્ગતિમાં સિધાવી ગઇ.

પૂર્વજન્મમાં આ બાલિકા કોઈ વિશિષ્ટ સાધના કરીને આવી હશે. જેથી **આટલી અજ્ઞાન બાળવયમાં પણ એણે માત્ર આરાધના જ કરી!** આપણે તો સુખમાં કે રોગમાં, અરે સામાયિકમાં પણ વાતોના ગપાટા, તુચ્છ મનોરંજનના દોષો સેવીએ છીએ.

જયારે વિરલ નામની આ છોકરી ૧૮ વર્ષ પહેલાં લઘુવયમાં ઊંચી સાધના કરી ગઈ ! **સમતા વગેરે ગુણોની સુવાસથી આ બાળાએ બધાના દિલમાં ધર્મની પ્રભાવના કરી !!!** આવી સહનશીલતા, સમજ, ધર્મપ્રેમ વગેરે વત્તે ઓછે અંશે અમારામાં પણ આવે એવી હે સાધકો! તમે પણ પરમાતમાને સાચા દિલથી પ્રાર્થના કરો.

## મારી નિત્ય પ્રાર્થના

હે ઉત્કૃષ્ટ પરોપકારરત પરમાતમા !
આ ચિંતમણિતુલ્ય માનવભવને શ્રાવકાચારોથી હું પવિત્ર બનાવી, સદ્ગુણોથી સુશોભિત કરી, શુભ અને શુધ્ધ ભાવો રૂપ અલંકારોથી શોભાવી, ક્રમશ: સાચો શ્રાવક અને સુસાધુ બની શિવગતિને શીઘ્ર મેળવું એવો ભવ્ય પુરુષાર્થ સાધવાનો ઉલ્લાસ પ્રગટાવો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૬. ધર્મ ઉમંગથી પગ દર્દ - નાશ

હેમાબેન વડોદરાના છે. માતાએ ધર્મના ગાઢ સંસ્કાર આપેલા. તેમને **જમણા પગે ઘણાં મહિનાથી ખૂબ દર્દ થતું હતું.** ઉઠતા, ચાલતા, બેસતા તકલીફ ઘણી થાય. હેમાબેનને આ પર્યુષણમાં શ્રી કલ્પસૂત્ર લેવાની અંતરમાં ભાવના જાગી ! પણ બીજા ભાગ્યશાળીએ લાભ લીધો. છતાં ભાવના જોરદાર. તેથી પછી **જન્મ વાંચન અવસરે ભગવાન પધરાવવાનો ચડાવો લીધો !**

ભગવાનને વાજતે ગાજતે ઘરે લઇ ગયા. હૈયામાં હર્ષનો પાર નથી. રાત્રિ જગો કર્યો. **સકલ સંઘ સાથે પ્રભુના ગુણગાન ગાતાં ભાવ નિર્મળ થઇ ગયો.** કર્મ ખપી ગયા ને પગ દર્દ ત્યારે જ ગાયબ થઇ ગયું ! આ સ્વાનુભવથી હેમાબેન અને સગાઓની ધર્મ પરની શ્રધ્ધા અનેકગણી વધી ગઇ !

ભગવાનને ઘરે પધરાવો તો આટલો બધો લાભ થાય. તો તમે વિચારો કે આવા અત્યંત પવિત્ર એવા પરમાત્માને અંતરમાં પધરાવો તો તમે ખુદ પ્રભુ બની જાવ એ શાસ્ત્રવચનમાં શ્રધ્ધા કોને ન થાય ?

## ૧૭. પ્રાર્થનાનો પ્રભાવ

પર્યુષણા પર્વાધિરાજમાં નીલેશ્વરી બ્હેનની અંતરની ભાવના પૂજા, પ્રવચન, વંદન આદિ આરાધના આઠે દિવસ કરવાની હતી. પરંતુ શિક્ષિકાની નોકરી હોવાથી નોકરીમાંથી રજા મળવામાં મુશ્કેલી હતી. પહેલા પણ કારણે રજા મૂકે તો ખૂબ તકલીફ પડતી. તેથી પરમાત્માને પ્રાર્થના કરી કે, ‘‘દેવાધિદેવ ! રજા મંજૂર કરાવજો.’’ અને **આ શ્રાવિકા તો ભગવાનની કૃપા જોઇ ચકિત થઇ ગઇ. રજા પાસ થઇ.**

શ્રાવિકાએ તો પૂજા વગેરે ઉપરાંત સાંજે પણ દર્શન, રાત્રે ચોવિહાર, **પોતાના બાળકને ય આઠે દિવસ પૂજા વગેરે કરાવી** ઉત્સાહ, ઉમંગપૂર્વક બધી દિલની ભાવના સંપૂર્ણ કરી !! ધાર્મિક ભાવનાવાળા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ શિક્ષિકા જણાવે છે કે શનિ, રવિ રાત્રિ ભોજન ત્યાગ, નોકરી જતાં આવતા શ્રી નવકારનો જાપ, ધાર્મિક પુસ્તકોનું વાંચન વગેરે આરાધના કરવાની હૈયાની ઇચ્છા છે.

હે આરાધકો ! ધર્મ ભાવનામાં વિઘ્ન આવે તો હતાશ થયા વિના **સાચા દિલથી પ્રભુને પ્રાર્થના કરવી કે મારી આ ભાવના પૂર્ણ કરજો.** પ્રભુ-પ્રાર્થનાનો ચમત્કાર અદ્‌ભૂત છે ! ધર્મની ઇચ્છા સારી રીતે સફળ કરાવશે !

## ૧૮. પાર્શ્વનાથે ક્ષણમાં નિરોગી કર્યા !

વડોદરાના ગીરધરભાઇ. ઉંમર ૮૪ વર્ષની. અચાનક **પેટમાં ભયંકર દુ:ખાવો** થયો. ડૉકટરને બતાવ્યું (પહેલાં ઓપરેશન કરાવેલું છતાં) **ડૉકટર કહે, ''ઓપરેશન કરાવવું પડશે .** ખર્ચ રૂા. ૫૦૦૦૦ થશે. કાલે બપોરે ૧ વાગે ઓપરેશન કરીશું.'' દર્દ અસહ્ય હતું.

સુપુત્ર રમેશભાઈને આ સાંભળી ખૂબ ચિંતા થઇ કે વૃધ્ધવયે અશક્તિમાં ઓપરેશન સફળ થશે ? ટેન્શનમાં **શંખેશ્વર** દાદાના શરણે જવા નક્કી કર્યું. શ્રધ્ધા પણ ખૂબ જ. **શંખેશ્વર દાદાના ફોટા સમક્ષ દીવો ને ધૂપ કરી** ''બાળકની લાજ રાખજે'' વગેરે પ્રાર્થના ખૂબ ભક્તિભાવપૂર્વક કરી. નવકારવાળી ગણવા માંડી. મનમાં વિનંતી કરેલી કે ઓપરેશન ન કરવું પડે તો રૂા. ૨૧૦૦૦ શ્રી શંખેશ્વર તીર્થમાં વાપરીશ.

બીજે દિવસે ડૉકટરો ભેગા થયા. તપાસ્યું. પણ શરીર બધું બરોબર હતું. વારંવાર તપાસ્યું. પણ **કોઈ બિમારી જ ન હતી.** ચકિત થઇ ગયા. રમેશભાઇ વગેરે બધાં પણ જાણી ખૂબ હર્ષિત થઇ ગયા. શંખેશ્વર જાત્રા કરી. કેસર-સુખડ, આંગી, આયંબિલ, ભોજનશાળા સાધારણ વગેરેમાં રૂા. ૨૩૦૦૦ વાપર્યા ! પછી ૨ વર્ષ જીવ્યા.

**શ્રધ્ધાથી શંખેશ્વરજી, શત્રુંજયજી આદિનું શરણું સ્વીકારી સાચી ભક્તિ કરનાર ઘણાં, આવા ચમત્કાર અનુભવે છે !** દુ:ખ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય તેનો નાશ કરે, ન હોય તેને બધાં સુખો આપે. આવા અદ્‌ભુત પ્રભાવવંતા દેવ, ગુરૂ, ધર્મને પામી હે જૈનો ! તમે દુ:ખમાં ને સુખમાં ભક્તિ આદિ કરી સંપૂર્ણ સુખ પામો એ આશિષ.

## ૧૯. જૈનપણું સદા સાચવો

વડોદરામાં અલકાપુરીમાં રહેતી એક જૈન કન્યાએ પટેલ સાથે પ્રેમલગ્ન કર્યા. પણ શરત કરેલી કે હું મારો જૈન ધર્મ પાળીશ. યુવતીને નિયમ કે વાપરતા પહેલાં દર્શન કરવા. નિયમ પાળતી. પણ સાસરિયાઓની નારાજગી અને ઘરના કામમાં દર્શન કરવામાં મુશ્કેલી પડતી. આ જોઈ પટેલ **પતિએ શ્રી મહાવીરસ્વામી ભગવાન ઘરે પધરાવ્યા !** બ્હેનને નિયમ પાળવામાં ઘણી સુવિધા થવાથી ખુશ ખુશ થઈ ગયા. નિયમ સારી રીતે પાળતા. હવે તો રોજ પૂજા કરવા મળી ! **ખૂબ ભાવથી પૂજા કરે છે !**

ધર્મ પ્રભાવે મધ્યમ સ્થિતિવાળા સાસરે **પૈસો વધવા માંડયો.** થોડા વખતમાં કરોડપતિ થઈ ગયા! **પટેલ સાસરિયાઓ પણ આશ્ચર્યથી ધર્મ શ્રદ્ધાળુ બની ગયાં !** પહેલાં મના કરતાં તેનો ખૂબ પ્રશ્ચાતાપ થયો. તેઓ પણ જૈન ધર્મ પાળવા લાગ્યા ! અને ધર્મમાં ધન વાપરવા લાગ્યા! અલકાપુરીમાં શ્રી સંઘે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું દહેરાસર બંધાવ્યું તેમાં **શ્રી મૂળનાયક ભગવાનની તેમના પતિએ રૂા. ૭ લાખની ઉછામણી બોલી પ્રતિષ્ઠા કરી!** બીજા પણ ધર્મકાર્યોમાં ઘણાં રૂપિયાનો સદ્‌વ્યય કરે છે.

હે જૈનો ! આ પ્રસંગમાંથી હિતની ૨ વાતો ધ્યાનમાં રાખજો. યુવતિ પર-નાતમાં પરણી તો પણ સ્વધર્મમાં **દઢ** રહી. તમારો તો પૂરો પરિવાર જૈન છે. તમારે યથાશક્તિ પૂજા વગેરે બધો ધર્મ કરવો જ જોઈએ. બીજું, પટેલ પતિ પણ જો પત્નીને રાજી રાખવા પ્રભુને ઘરે પધરાવે છે ! તો તમારે પણ નક્કી કરવું જોઈએ કે **જૈને શ્રાવક તરીકે મારે સકલ પરિવારને બધો ધર્મ કરવાની સગવડતા અનુકૂળતા કરી આપવી.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૦. અજૈનનો ઉંચો ધર્મ

**બચુજી ઠાકોરે** તેમના ધર્મપત્ની દેવુબા સાથે શ્રી શત્રુંજય, શંખેશ્વરજી આદિ **૧૪ જેટલા જૈન તીર્થોની યાત્રા** ભક્તિથી કરી છે ! કંદમૂળનો ત્યાગ કર્યો. **અઠ્ઠાઈ તપ પર્યુષણમાં અને પાંચ તિથિ લીલોતરીનો ત્યાગ,** રોજ ૩ નવકારવાળી, જુગાર, શિકાર આદિ મોટા બધા વ્યસનોનો ત્યાગ, પાન, બીડી, મસાલાઓનો ત્યાગ, અંતરાયનું પાલન, નોકરીમાં અત્યંત પ્રમાણિકતા વગેરે.

ઠાકોર જો આટલો ધર્મ કરતા હોય તો આપણે જૈનોએ તો કેટલો ધર્મ કરવો જોઇએ ? પૂજા, અભક્ષ્ય ત્યાગ વગેરે તો બધા જૈનોએ કરવો જ જોઇએ.

## ૨૧. ડૉ. ખાનનું જૈનપણું

**પર્વાધિરાજ પર્યુષણમાં ૯૩માં ડૉકટર ખાનને ૧૬ ઉપવાસની ભાવના થઈ.** એમને વિચાર આવ્યો કે જૈનો માસખમણ કરે છે તો મારાથી ૧૬ ઉપવાસ કેમ ન થાય? ડૉક્ટરે સાબરમતી ઉપાશ્રયે મહારાજશ્રી ને વાત કરી. **મહારાજ સાહેબે ઉપાશ્રયમાં જ ૧૬ દિવસ રહેવા આગ્રહ કર્યો.** ડૉકટરે સ્વીકાર્યું. પાંચમે દિવસે પત્નીએ ઉપાશ્રયે આવી કહ્યું. ‘‘આપણી જેનીફર ખૂબ બિમાર પડી ગઈ છે. હોસ્પિટલમાં દાખલ કરી છે....’’ ખાને કહ્યું. **‘‘હું ઘરે નહીં આવી શકું. તમે સારવાર કરાવો. ધર્મ પ્રભાવે સારૂં થઇ જશે.’’** પત્ની પાછી ગઇ. આઠમે દિવસે આવી પત્નીએ કહ્યુ,’’ હમણાં જ સાથે ચાલો. જેનીફર સીરીયસ છે. સિવિલના ડૉક્ટરોએ આશા છોડી દીધી છે.’’ ખાને દૃઢ બની પત્નીને કહ્યું,‘‘ તમે મારી કસોટી ન કરો. હુ મારી સાધના નહીં છોડું...’’ પત્ની ખૂબ રડી. ડૉકટર મક્કમ રહ્યા. છેવટે તે જતી રહી.

મહારાજશ્રીને આ બધી વાત કોઇએ કરી. ડૉકટરને બોલાવી મ.શ્રી એ કહ્યું ‘‘તમને માત્ર ઉપવાસ કરાવ્યા છે. પૌષધ નહીં. તમે ઘેર જઇ શકો છો. વળી તમારી પુત્રી પણ સીરીયસ છે. ’’ છતાં ખાન કહે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

" હું ધર્મમાં દૃઢ છું. મારે ઘેર જવું નથી" મહારાજશ્રી એ પણ પરિસ્થિતિની ગંભીરતા સમજી ડૉક્ટરને સમજાવ્યા કે તમે એક વાર ઘરે જાવ. પછી ભલે પાછા આવજો. ડૉક્ટરે કહ્યું, **" કોઇને શંકા પડે કે હું ઘરે કાંઇ ખાઇને આવ્યો હોઇશ. માટે ઘરે જવું નથી."** મહાત્મા અને શ્રાવકો એ આશ્વાસન આપ્યું કે, " અમને પુર્ણ વિશ્વાસ છે. તમે ખુશીથી ઘરે જાવ." ડૉક્ટર સીધા સિવિલ જઇ સુપુત્રીની પાસે જઇ ૩ નવકાર ગણી માથે હાથ ફેરવી બોલ્યા, " બેટી ! મારી કસોટી ન કર. આંખ ખોલ જોઉં !"

**૨ દિવસ થી બેભાન દિકરીએ આંખો ખોલી!!!** પાણી માંગ્યું. **પાણી મંગાવી નવકારથી મંત્રી પાયું.** ડૉક્ટરોને બોલાવી ચેક કરાવતાં ડૉક્ટર ચકિત થઇ ગયા. જેનીફરને સારું થઇ ગયેલુ !! ખાને ઘરે જઇ પુત્રને ઉપાશ્રયે મૂકી જવા કહ્યું. પુત્ર સ્કૂટર પર મુકી ગયો. ખાત્રી માટે આ રેકર્ડ સીવીલમાં તપાસી શકો છો.

**ડૉક્ટર ખાન ૨૦ વર્ષ પહેલા પરમ પૂજય ગુરૂદેવશ્રી આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબને મિત્ર સાથે મળવા ગયેલા. ત્યારે પરિચયથી લાખોપતિ,અભિમાની ડૉક્ટરને ગુરૂદેવે યુક્તિથી હિંસા છોડાવેલી.** પોલ્ટ્રી ફાર્મ, માંસાહાર છોડાવ્યા. પછી તો નવકાર શીખ્યા. જૈન બન્યા. દર રવિવારે સામાયિક પણ કરતાં ! ઇદના દિવસે તેઓ જૈન તીર્થની યાત્રા કરે છે. રાત્રિ ભોજનનો ત્યાગ, ઉકાળેલુ પાણી પીવુ વગેરે પણ ધર્મ કરતાં ! ખાન પ્રાર્થના કરે છે કે મેં સ્વીકારેલો ધર્મ દૃઢતાથી પાળતો રહું એવા આશીર્વાદ આપો."

અજૈન પણ આચાર્યશ્રીના સંગથી આવા જૈન બની જાય તો હે જૈનો! તમારે આતમાને પવિત્ર બનાવવા, આચારથી જૈન બનવા આચાર્યો વગેરેનો સત્સંગ, ભક્તિ અને આશીર્વાદ મેળવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૨. ચિંતનનો ચમત્કાર !

ગુજરાતના સરલાબહેને આ પુસ્તક ધ્યાનથી વાંચતા પોતાના પૂર્વ પાપોનો પશ્ચાતાપ કરી આત્મહિત સાધ્યું. અપંગ બાળકોને તેના માતા પિતાએ કરાવેલ ધર્મ આરાધના જાણી પોતે કરેલ પાપ યાદ આવવાથી દુ:ખ થયું. ડૉક્ટરે કહેલ કે બાલગર્ભની હત્યા એ પાપ નથી તેથી અજ્ઞાનતાવશ તે પાપ તેમનાથી થઇ ગયું. હવે ખ્યાલ આવી ગયો. તેથી આ પાપની ભયંકરતા સમજી આલોચના લઈ પોતાના આત્માને શુદ્ધ કરે છે. સાથે આ પુસ્તક વાંચી તેમણે સામાયિક, તિવિહાર, બ્રહ્મચર્ય વગેરે આરાધના કરવાનો સંકલ્પ કર્યો !

આપણી વાત એ છે કે **આજે આવા ઘણાં સુંદર ધાર્મિક પુસ્તકો બહાર પડે છે.** વાંચવા ખાતર પાના ફેરવી જશો તો વિશેષ લાભ નહીં થાય. પણ ટી.વી.ની જેમ **એકાગ્રતાથી વાંચવા સાથે વિચારણા કરવાથી અને યથાશક્તિ નાના, મોટા સંકલ્પ કરવાથી** ઘણાં બધાં લાભ તમે પામશો.

## દીપોત્સવ



શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું બોંતેર વર્ષનું આયુષ્ય; આસો માસની અમાવસ્યા. પ્રભુ મહાવીરે પોતાના જીવનમાં સકળજીવ હિતકારિણી દેશના આપી, તેમાં આ છેલ્લા દિવસોમાં તેઓ મન મૂકીને વરસ્યા હોય તેમ સોળ પ્રહર (૪૮ કલાક) સુધી સળંગ દેશના આપી. આપણે પણ પ્રભુ મહાવીરને તથા ગૌતમ સ્વામીજીના કેવળજ્ઞાનને બહુમાન પૂર્વક યાદ કરી, આપણા હૃદય-સિંહાસન ઉપર તેમના ઉપદેશની પ્રતિષ્ઠા કરીએ. અને પવિત્ર બનવા સંકલ્પ કરીએ!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૩. ધર્મપ્રભાવ જાણી ધર્મ વધારો

એક નાના માણસની સામાન્ય પ્રસંગે મોટાઈ જાણવા જેવી છે. શ્રી જૈનનગર વગેરે પાઠશાળામાં રાજુભાઈ ભણાવે છે. પગારના **રૂા. ૮૦૦/- ખીસામાંથી પડી ગયા.** પોતાને ખ્યાલ પણ ન હતો. જેણે પડતા જોયા તે **પ્રમાણિક માણસે પાછા આપ્યા.** મેલાં કપડાં વગેરેથી તેની ગરીબી દેખાતી હતી. છતાં તેની પ્રમાણિકતા વિચારી રાજુભાઈએ અત્યંત આનંદ પામી બક્ષીસ આપી !

મને રાજુભાઈ કહે "સાહેબજી ! પેલા સજ્જને પાછા ન આપ્યા હોત તો મારા તો આઠસો ગયા હોત. **ધર્મપ્રભાવે પાછા મળ્યા. તેથી મારે ધર્મમાં વાપરવા છે !!!** આ જૈન આદર્શ પ્રસંગો પુસ્તકોની પાઠશાળામાં બાળકોને પ્રભાવના કરીશ !" મેં કહ્યું, "રાજુભાઈ ! તમારી ભાવના સારી છે. પરંતુ તે ગુણવાનની જ કદર કરો. પુસ્તકની પ્રભાવના આ નિમિતે કરવાની જરૂર નથી." રાજુભાઈ કહે, "તે ભાઈને ઘણો આગ્રહ કર્યો પણ તેમણે પરાણે માત્ર રૂા. અગિયાર જ લીધા. તેથી જ **આ સુંદર પ્રેરક પુસ્તક બાળકો વાંચી ધર્મ વધારે એ ભાવના છે. અને ઉત્તમ ભાવ થયા પછી ધર્મ તરત જ કરી લેવો એવી મારી માન્યતા છે."** તેમણે ૫૦ પુસ્તકોની પ્રભાવના કરી !

હે ભાગ્યશાળીઓ ! **ગુણીજનની કદર ખાસ કરવી જ જોઈએ.** જેથી ગુણીના ગુણની સ્થિરતા, વૃદ્ધિ કરવાનું પુણ્ય મળે અને પરિણામે આપણામાં પણ ગુણો આવવા માંડે ! સાથે આપત્તિમાંથી બચીએ, તો ધર્મ વધુ કરવો જાઈએ. રાજુભાઈની વાત કેટલી બધી અનુકરણીય છે કે ગુમાવેલ પૈસા ધર્મ પ્રતાપે મળ્યા તો મારે થોડા પૈસા ધર્મમાં વાપરવા !! સૌથી મહત્ત્વની વાત તો એ છે કે શુભ ભાવ જલદી આવતા નથી. તો **જ્યારે પણ શુભભાવ આવે કે શીઘ્ર તેનો અમલ કરવો** જેથી આતમા ઉજળો બને !

હે પ્રભુ! નૂતન વર્ષે પ્રગટતી ખુશાલી સદા માટે આપો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૭. મામલતદારનું જૈનત્વ

સુશ્રાવક જે.બી. પરીખ વડોદરામાં ૧૯૭૦ માં ડેપ્યુટી મામલતદાર હતાં. તોફાનમાં ફરજ પર સાથે પોલિસ ટુકડી લાવેલા. તોફાન ખૂબ વધી ગયું. પોલિસોએ ફાયરીંગનો ઓર્ડર આપવા દબાણ કર્યું. પરીખે વિચાર્યું કે ગોળીબારથી ઘણાં મરે. **જૈન એવા મારે આટલી બધી હિંસા કરવી ન શોભે !** છતાં સંજોગોવશ અહિંસક ફાયરનો ઓર્ડર આપવો પડયો.

એના પણ તીવ્ર પશ્ચાતાપથી **આવા મોટા હોદ્દા પરથી પણ રાજીનામુ આપી દીધું !** પછી ઉપાશ્રયે જઇ પંચેંદ્રિય હિંસાનું પ્રાયશ્ચિત લીધું. પોતાને એનું એટલું બધું લાગી આવ્યું કે **આ પાપના દંડ તરીકે અઠ્ઠાઈ કરી !** પછી ધર્મ કરવા માંડયો, વર્ષીતપ આદિ કર્યાં.

પોલીસની હિંસક નોકરીમાં કે જયાં હિંસા, દંડ, અત્યાચાર,નિર્દયતા સહજ છે ત્યાં પણ તેમણે જૈનપણું ટકાવ્યું ! ધન્ય છે તેમને. હે શ્રાવકો ! તમે પણ **ધંધા, નોકરીમાં માનવતા, જૈનપણું ધારો તો જરૂર સાચવી શકો. સંકલ્પ ને ધ્યેય જોઈએ.** આ પરીખ તો અત્યારે દર અઠવાડિયે ૨-૩ દિવસ સ્વ ખર્ચે પાલીતાણા જઈ આ.ક. પેઢીનાં તેમજ તીર્થના ઘણાં ભક્તિકાર્યો કરે છે !!! પરીખે પછીથી રેવન્યુમાં નોકરી કરી. પછી ધંધો કર્યો. આજે તો સંઘના તથા શાસનના ઘણાં ભક્તિના કામો ઉમંગથી સ્વદ્રવ્યથી કરે છે તથા ધર્મમાં પણ ઘણું ધન વાપરે છે ! તમે પણ સંઘસેવાનું નિર્મળ પુણ્ય મેળવો. છેવટે આવા સત્કાર્યોની અનુમોદના સાચા દિલથી કરવા અત્યારે જ બે હાથ જોડી આ પરીખ વગેરે સંઘસેવકોને માથુ નમાવી ‘‘પ્રણામ’’ બોલો.

******************

**આદર્શ પ્રસંગો ભાગ ૬ સંપૂણ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અને અંતે

✲ હે વાચક, પુસ્તક ગમ્યું ?

✲ તો આમાંથી વત્તી ઓછી આરાધના જીવનમાં લાવવા સંકલ્પ કરી યોજનાબદ્ધ પુરૂષાર્થ કરવા જેવો છે.

✲ તો સંતાનોને આ પ્રસંગો પ્રેમથી કહી સુસંસ્કારી બનાવવા જોઈએ.

✲ તો આ પ્રસંગો શાંતિથી વારંવાર વાંચવાથી ખૂબ જ લાભ થશે.

✲ **મિત્રો, સ્વજનો, પડોશીઓ વગેરે ૫-૨૫ ને ભેટ આપવાથી** તેમનું જીવન પણ મઘમઘતું ઉપવન બની શકે છે !

✲ શુભ પ્રસંગો વાંરવાર આવતા હોય છે. ક્યારેક આ સુંદર પુસ્તકની પ્રભાવના કરવાથી ઘણાંને થોડો ઘણો લાભ થશે. ઘણાં બધાંને લાભ થયો પણ છે.

**ગામે-ગામ ઘરે-ઘરે આનો પ્રચાર થવાથી નાના-મોટા સહુને પ્રાયઃ આ પ્રસંગોથી** આરાધના,અનુમોદનાની પ્રેરણા મળશે.તમને અલ્પ ધનથી પરોપકારનું અમાપ પુણ્ય મળશે.

✲ પ્રથમ ભાગની માત્ર ૫૦૦ નકલો સાથે પ્રકાશિત થયેલ આ પુસ્તક ભાગ ૧ થી ૬, ૫૦૦૦ કોપી સાથે પ્રગટ થાય છે.

✲ પહેલા ભાગની ૬ વર્ષમાં ૧૦ આવૃત્તિ અને બાકીના ભાગની પણ અનેક આવૃત્તિ અને હિંદી સાથે.

**આની કુલ ૧,૩૩,૭૦૦ નકલો પ્રગટ થઈ છે.**

✲ સઘળા ભાગ વાંચો,વંચાવો,વસાવો,વિચારો,વહેંચો

✲ ભાગ ૧ થી ૪ કન્સેશનથી રૂા.૩.૫૦/- માં અને

✲ ભાગ ૫ કન્સેશનથી રૂા.૧.૫૦/-માં અને ભાગ ૬ રૂા. ૨/- માં મળશે.

✲ આવા પ્રેરક સત્ય પ્રંસગો મને માકલી આપો.

✲ ભાગ-૮ પ્રાય : કારતક માસમાં પ્રગટ થશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટા મોટા માંથાઓને
પણ એકાંતે અસાર આ
સંસારમાં અવાર નવાર અવનવી
આફતો આવ્યા જ કરે છે.

આપત્તિઓ પાપથી જ આવે છે. વિપત્તિઓથી બચવા અને સાચા સુખો મેળવવા **પાપ ઘટાડી ધર્મ વધારવો જોઈએ.**

હે જૈનો ! તમે ધર્મપ્રેમી છો, છતાં આ કલિકાળમાં સર્વત્ર પ્રસરેલા પાપ અને સ્વાર્થના વાતાવરણથી તમે પણ ઓછા વત્તા ખરડાયા હશો. **આ ભયંકર દોષો તમારું ભયંકર અહિત કરશે.** કોઈ પણ રીતે એનાથી બચવું જરૂરી છે.

હે પુણ્યશાળીઓ ! આજીવિકા આદિ અનેકવિધ ચિંતાઓમાં ફસાયેલા તમને આ માનવભવને સફળ કરવા ધર્મ વધારવાની અને પાપ ઘટાડવાની ભાવના પણ ઘણી વાર થતી હશે. આ શ્રેષ્ઠ ભાવના પૂર્ણ કરવાનો સુંદર ઉપાય આમાંના **પ્રસંગો એકાગ્રતાથી વાંચવા એ પણ છે.**

ગુલાબ જેવા મઘમઘતા આ સત્ય પ્રસંગો વર્તમાનકાળના હોવાથી ખૂબ પ્રેરક છે. અમાસની અંધારી રાત્રે આહ્લાદક પ્રકાશ રેલાવતા ટમટમતા તારલા જેવા ... ોના પવિત્ર પ્રસંગો તમને ... ને અનુમોદનાનું **પુણ્યા... મ આત્મહિત કરવા સમર્થ** ... આવા પ્રસંગોમાંથી યથાશ... ી શીઘ્ર કરશો.

Serving JinShasan
125490
gyanmandir@kobatirth.org

પંન્યાસ ભદ્રેશ્વરવિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુદ્રક : સુપર ઈમ્પ્રેશન (અજયભાઈ), મલાડ (વે), ✆ : ૮૬૩૫૩૭૧/૮૭૪૭૩૬૩